Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

आत्मानन्दं प्रयाति स्मरणकरणतः श्रीप्रभोर्यत्प्रकाशात्
पुण्यं ज्ञानं ददाति प्रतिदिनमथ यद्वाचनं सज्जनेभ्यः ।
यस्य स्तुत्यप्रयत्नः समुदयकरणे सत्यधर्मे रतानां
'आत्मानन्द प्रकाश' वहतु हृदि मुदं मासिकं तद्बुधानाम् ॥१॥

पु. १७. | वीर सं. २४४६–फाल्गुन. आत्म सं. २४ | अंक ८

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| ૧ શ્રી પ્રભુ સ્તુતિ.... | ૧૯૭ |
| ૨ સામાયક–સમભાવ–સમતા પ્રાપ્તિ ઉપાય. | ૧૯૮ |
| ૩ મન અને ઇન્દ્રિય દમન કરવાની અતિ ઘણી જરૂર છે. | ૧૯૯ |
| ૪ સદ્વાક્યો. | ૨૦૧ |
| ૫ દેવદ્રવ્ય સંબંધી મુનિરાજશ્રી કલ્યાણવિજયજી મહારાજનો પત્ર. | ૨૦૩ |
| ૬ નિષ્ફળ તામાં સફળતા. | ૨૦૮ |
| ૭ જૈન કેમમાં કેળવણી. | ૨૧૩ |
| ૮ શું જગતકર્તા ઇશ્વર છે ?... | ૨૧૪ |
| ૯ અમદાવાદના નગર શેઠનું ઉપયોગી ફરમાન. | ૨૨૦ |
| ૧૦ આત્માનંદમાં વિહરતા ઉચ્ચ કોટિના મનુષ્યનું જીવન કેવું હોય છે ! | ... |
| ૧૧ વર્તમાન સમાચાર. | ૨૨૧ |
| ૧૨ ગ્રંથાવલોકન. | ... |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નીચેના ગ્રંથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

### ( પ્રસિદ્ધ કરવા માટે–જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની જરૂર છે ).

૧. **શ્રી દાન પ્રદીપ** (મહોપાધ્યાય શ્રીચારિત્રગણી કૃત) દાનગુણનું સ્વરૂપ જણાવનાર.

૨. **શ્રી મહાવીર ચરિત્ર** ( શ્રી નેમીચંદ્ર સૂરિકૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે. બારમા સૈકામાં તે લખાયેલ છે. પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. **શ્રી વિમલનાથ ચરિત્ર** ( શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત ) અપૂર્વ ચરિત્ર.

૪. **શ્રી ઉપદેશ સપ્તતિકા** ( શ્રી સોમધર્મગણિ વિરચિત ).

૫. **શ્રી ધર્મપરિક્ષા** ( અપૂર્વ કથાનક ગ્રંથ ).

૬. **શ્રી સંબોધ સપ્તતિ**–શ્રા રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની હકીકતો જણાવનારો ગ્રંથ.

ઉપરના ગ્રંથો રસિક, બોધદાયક અને ખાસ પઠનપાઠન કરવામાં ઉપયોગી છે; તે સાથે વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે, વર્ત્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો પ્રસિદ્ધ કરી–કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બહોળા પ્રમાણમાં તેના ખપી મુનિમહારાજાઓ, સાધ્વીમહારાજ અને જ્ઞાનભંડાર વિગેરેને ( વગર કિંમતે ) ભેટ અપાય છે. સહાય આપનારને તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી બેવડો લાભ લેવા જેવું છે.

---

## શ્રીવીરતત્વ પ્રકાશક મંડલ.

ઉપર્યુક્ત મંડલમાં ઉપદેશક તરીકે તૈયાર થવા ઇચ્છનારા જૈન ઉમેદવારોએ પોતાની અરજીઓ નીચેના સરનામે તાકીદે મોકલી આપવી.

માતૃભાષાનું સારૂં જ્ઞાન ધરાવનાર ઓછામાં ઓછી ૧૬ વર્ષની ઉમરના ઉમેદવારોને દાખલ કરવામાં આવશે.

સંસ્કૃત ભાષા લઇને બી. એ. માં પાસ થયેલા અથવા તેટલો અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓને સારી સ્કોલરશીપ સાથે પહેલી પસંદગી આપવામાં આવશે.

જૈનતત્ત્વોનો સારો અભ્યાસ કરેલા તૈયાર ઉપદેશકોને પણ દાખલ કરવામાં આવશે.

ગોડીજીનો ઉપાશ્રય, પાયધુની.
મુંબઈ તા. ૨૫–૨–૨૦

ઓ. જનરલ સેક્રેટરીઓ.
**શ્રીવીરતત્ત્વ પ્રકાશક મંડળ.**

---

## નવા દાખલ થયેલા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧ | ડો. ત્રીભોવનદાસ ધરમચંદ. | મુંબઇ | પે. વ. લાઇફ મેમ્બર. |
| ૨ | શેઠ દામોદરદાસ ત્રીભોવનદાસ ભાણજી | ભાવનગર | ,, |
| ૩ | શેઠ હીરાલાલ અમૃતલાલ | ,, | ,, |
| ૪ | દોશી કેશવજી ઝુંઝાભાઇ | તળાજા | બી. વ. લાઇફ મેમ્બર. |
| ૫ | શા. ખુશાલચંદ ઝવેરચંદ | મુંબઇ | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १७ ] वीर संवत् २४४१. फाल्गुन. आत्म संवत् २४. [ अंक ८ मो.

## श्री प्रभुस्तुति.

( મંદાક્રાંતા. )

ઉદ્ધાર્યા છે અગણિત જનો બોધિ બીજે જ જેણે,
સર્વે દેશે શિવકર સદા ઉપદેશો પ્રસાર્યા;
ટાળ્યા મિથ્યા કુમતિ જનના દોષ સર્વે હૃદેથી,
વિદ્વાનોનું પરમતતણા જેમણે ગર્વ તોડ્યું.
તારે છે જે ભવજલધિથી કર્મ સર્વે દહીને,
ધ્યાવો નિત્યે જીનવરજી એ દેવ દેવાધિ દેવા;
સેવો નિત્યે ત્રિકરણ કરી શુદ્ધ સદ્‌ભાવનાથી,
ગાવો ભાવે ગુણ ગણતણા ગાન સૌ તે પ્રભુના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સામાયક—સમભાવ—સમતા પ્રાપ્તિ ઉપાય.

શ્રુત સામાયક, સમકિત સામાયક, દેશવિરતિ સા૦ અને સર્વવિરતિ સામાયક એમ ચાર પ્રકારે સામાયક હોઈ શકે છે. શ્રુત–શાસ્ત્ર અભ્યાસવડ, શમ સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય લક્ષણ સમ્યકત્વ વડે, સ્થૂલ હિંસા, જૂઠ, ચોરી પ્રમુખ તજવા વડે અને સર્વથા હિંસાદિક પાપવૃત્તિનો ત્યાગ કરવા વડે સાધ્ય દ્રષ્ટિવંત જીવને સમતા–સામાયકનો લાભ થાય છે. બાહ્ય દ્રષ્ટિવાળા જીવ તેવો અપૂર્વ લાભ મેળવી શકે નહીં. સર્વવિરતિવંત સાધુજનોને સામાયક જીંદગી પર્યંતનું હોય છે અને દેશવિરતિવંત શ્રાવકને તે કમમાં કમ બે ઘડીનું હોય છે. આત્મલક્ષથી તેમાં જેટલો વધારે સમય લેવાય તેથી અધિક લાભ જ થાય છે. હાની નથી જ. જયાંસુધી શ્રાવક સામાયક ( સમતાભાવ ) માં વર્તે ત્યાંસુધી તે સાધુ જેવો પાપારંભ રહિત લેખાય છે તેથી જ ભાવિત શ્રાવક શ્રાવિકાઓ અવકાશ પામી તેનો અધિક ખપ કરે છે. ભવ્યાત્માઓએ તેનો અધિકાધિક ખપ કરવો જ ઘટે છે, કેમકે તેમાં જે સમય જાય છે તે અપૂર્વ લાભકારી હોવાથી અમૂલ્ય છે. જેમ જેમ તેનો અભ્યાસ આત્મલક્ષપૂર્વક અધિકાધિક કરવામાં આવે છે તેમ તેમ આત્મશાન્તિમાં વધારો જ થતો જાય છે, એ વાત સ્વાનુભવથી સિદ્ધ કરી શકાય એમ છે. કંઇક મુગ્ધજનો પોતાનો સમય ફોગટ ગપ્પા સપ્પામાં ગાળે છે તો કંઈક ક્ષણિક મોજમજા માણવામાં ગાળે છે. કંઇક કલેશ કંકાસ કરવામાં તો કંઇક કપટજાળ ગુંથવામાં એમ સ્વેચ્છાચારમાં જ બાપડા માનવ ભવ ફોગટ હારી જાય છે. કોઈક વિરલા આત્માર્થી જનો જ પુણીયા શ્રાવકની પેરે અથવા આણંદ કામદેવાદિકની પેરે પોતાનો અમૂલ્ય માનવભવ ધર્મ આરાધન કરવા વડે લેખે કરે છે. સુલસા, ચંદનબાળા, સીતા, દ્રૌપદી પ્રમુખ સતીઓ પોતાનાં પવિત્ર આચરણથી પ્રસિદ્ધ થઈ છે. ગરીબ–ભીખારી સરખા પણ સામાયક–ચારિત્રના પ્રભાવથી ઇન્દ્ર અને નરેંદ્રાદિક વડે પૂજિત બને છે. એ સામાયકના આઠ પર્યાય નામો સમજવા યોગ્ય છે.

૧ સામાઇયં=સામાયિક=ભાવ–સમતાની પ્રાપ્તિ.

૨ સમઇયં=સમયિક= ગ્ યાપૂર્વક સર્વ જીવ પ્રત્યે પ્રવર્તન.

૩ સમ્મંવાઓ=સમ્યગ્વાદ:–રાગદ્વેષ રહિત યથાસ્થિત કથન.

૪ સમાસ=સ્તોક ( થોડા ) અક્ષરો વડે કર્મનાશક તત્વાવબોધ.

૫ સંખેવો–સંક્ષેપ:=અક્ષર થોડા પણ અર્થ ગંભીર દ્વાદશાંગી.

૬ અણવજ્જં–અનવદ્ય=નિષ્પાપ આચરણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ પરિણ્ણા–પરિજ્ઞા=પાપત્યાગ વડે એક સાથે વસ્તુતત્ત્વનું જ્ઞાન.

૮ પચ્ચખ્ખાણ–પ્રત્યાખ્યાન=તજવા યોગ્ય વસ્તુનો ત્યાગ.

એ આઠ પર્યાય નામોનું રહસ્ય મનન કરવા યોગ્ય છે. સહજ સ્વાભાવિક આત્મિક સુખ પ્રગટ કરવાના અભિલાષી જનોએ પ્રતિદિન અવકાશ મેળવી ઉક્ત સામાયકનો જેમ અધિક લાભ મેળવાય તેમ પ્રયત્ન કરવો ઘટે છે. સામાયક એટલે સમભાવની પ્રાપ્તિ અને વૃદ્ધિ જે રીતે જે માર્ગે અધિક થવા પામે તે રીતે તે માર્ગે અધિક કાળજીથી પ્રવર્તન કરવું ઉચિત છે. દેશવિરતિ શ્રાવકને સામાયક કાળ બે ઘડીથી ઓછો ન હોય પણ કદાચ પાંચ દશ મીનીટનો અવકાશ મળે તો તેનો પણ સદુપયોગ કરી સમભાવ–સમતા ગુણની પ્રાપ્તિ અને વૃદ્ધિ કરવાનું ભૂલવું જોઇએ નહીં. જે પ્રતિજ્ઞા કરવામાં આવે તેનું રહસ્ય સારી રીતે લક્ષમાં રાખી તેને સફળ કરવા કાળજી રાખવી જોઇએ. મન, વચન અને કાયાવડે પાપાચરણનો જાતે આદર કરવો કે કરાવવો નહીં. ભાવના ઉદાર રાખવી. મૈત્રી, કરૂણા, મુદિતા અને માધ્યસ્થ્યનો કાયમ અભ્યાસ રાખવો. સંસારની અસારતાદિક સમજી તેમાં ભાગ્યયોગે પ્રાપ્ત થયેલ માનવભવાદિક સામગ્રીની સફળતા શીઘ્ર કરી લેવી ઘટે છે. ઇતિશમ્.

મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# મન અને ઇન્દ્રિય–દમન કરવાની અતિ ઘણી જરૂર.

મન પારા જેવું અથવા પવન જેવું અતિ ચંચળ–ચપળ વેગવાળું હોવાથી તેને દમવું–વશ કરવું વધારે મુશ્કેલ પડે છે. પણ તેને દમવાની જરૂરતો છેજ. સંકલ્પ અને વિકલ્પરૂપ ઘોડાઓ વડે તે અત્યંત વેગવાળું બનતું જાય છે. રાગ દ્વેષના પ્રમાણમાં તે સંકલ્પ વિકલ્પો ઉઠે છે, વધે છે કે મંદ પડે છે. જીવ–આત્મા, જેવા સારાં નરસાં નિમિત્ત મેળવી, શુભાશુભ પ્રવૃત્તિ કરે છે તેવા રાગદ્વેષનાં પરિણામથી સંકલ્પ વિકલ્પોમાં ફેરફાર થયાં કરે છે. પૂર્વનાં જન્મોમાં કોઇ રૂડાં કર્મ ( પુન્ય ) સંયોગે જ્ઞાની પુરૂષના ઉપદેશથી કે સહજ આત્માની પ્રેરણાથી સારા ભાવથી કર્યાં હોય, તેનાં ફળ પરિપાક તરીકે જ આ વર્તમાન ભલાં મનુષ્ય જન્મમાં કંઇક મનગમતી ( અનુકૂળ ) શુભ સામગ્રી પામી શકાય છે તેનો અત્યારે જેવો સારો કે નરસો ઉપયોગ કરવામાં આવે તેના ઉપરજ આપણાં ભવિષ્ય ( શુભાશુભ ) નું નિર્માણ થઇ શકે છે. પાંચે ઇન્દ્રિયો પરવડી ( પુરેપૂરી આબાદ ), શરીર નિરોગી, સત્યાસત્ય, હિતાહિત, લાભાલાભ અને ગુણદોષાદિકને બરાબર પારખવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કળા ( સમજ શક્તિ ) ઉપરાંત દીર્ઘ–લાંબું આયુષ્ય, સારા જ્ઞાની અને સદાચરણી સજ્જનોનો સંગ–મેળાપ, તેમની સાથે નિર્મળ–નિઃસ્વાર્થ પ્રેમ–પ્રીતિ, તેમનાં એકાન્ત હિત વચન ( ઉપદેશ ) માં ઉંડી શ્રદ્ધા–( આસ્થા ) અને તે મુજબ વર્તન કરવા ઉજમાળતા ( પુરૂષાર્થ ) આ સઘળાં આપણું ભવિષ્ય સુધારી લેવાનાં રૂડાં સાધન મળેલાં છતાં જો આપણે તેનો લાભ લઈ ન શકીએ અને અનેક પ્રકારનાં અસદાચરણો સ્વેચ્છા મુજબ સેવી, મળેલો અમૂલ્ય સમય નકામો વીતાવી દઈએ, ઐહિક સુખમાં જ રચ્યા પચ્યા રહીયે, પરલોકની (પરભવની) દરકાર જ ન કરીએ, મન અને ઇન્દ્રિયોને સાવ મોકળા મૂકી દઈએ, તેમને સ્વેચ્છા મુજબ ચાલવા દઈ, બધી રીતે પાપ–અનર્થનું જ પોષણ કરીએ અને પ્રાપ્ત સામગ્રીનો કંઈ પણ સદુપયોગ નજ કરીએ તો આપણે **આત્મદ્રોહી** યા **આત્મઘાતી** જ લેખાઇએ. કેમકે તેથી સ્વ પરહિત કરવાની અમૂલ્ય તક ફોગટ ગુમાવી સ્વેચ્છાચારવડે આપણે નીચી ગતિમાં જ જવું પડે, જ્યાં અતિ ઘણો કાળ કેવળ દુઃખી હાલતમાં જ પસાર કરવો પડે તેમ છતાં જે અમૂલ્ય તક આપણે મૂર્ખાઇથી સ્વચ્છંદપણે ચાલવામાં ગુમાવી હોય તે પાછી અપાર કષ્ટ સહન કરવા છતાં પામવી અતિ ઘણી મુશ્કેલ થઇ પડે ધારો કે આ માનવ ભવમાં આપણને મળેલી પુન્યસામગ્રીનો કશો રૂડો ઉપયોગ આપણે કરી સ્વપર હિત આચરણ વડે સંચેલા પુન્ય યોગે ઊંચી ગતિ પામી શકીએ. વૈમાનિક દેવ તરીકે, કે જેમાં ત્રિકાળ સંબંધી જ્ઞાન આખી જીંદગી સુધી રહે એવું રૂડું અવધિ જ્ઞાન જ્યાં વિદ્યમાન હોય એવા ગમે તે દેવ નિકાયમાં જન્મ ધારીએ તો આપણું ભવિષ્ય સુધારવાને કેવા કેવા ઉપાય યોજવાની ખાસ જરૂર છે તેનું આપણને સાક્ષાત્ ( પ્રત્યક્ષ ) ભાન થાય, તેથી તે તે ઉપાય આદરવા ઉચિત અને જરૂરના જ છે એમ દ્રઢ પ્રતીતિ ( શ્રદ્ધા ) થાય અને આપણું બળ–વીર્ય પહોંચે તેટલા પ્રમાણમાં તે તે સદુપાયો પ્રમાદ રહિત આદરી–આદરવા દ્રઢ નિશ્ચય કરી દ્રઢ પ્રયત્ન યોગે તેમાંથી અમોઘ–અચુક ફળ મેળવી શકીએ. એ વાત સ્પષ્ટ છે. સમાધિ મરણ–આરાધકપણાની ઇચ્છા રાખી તે મુજબ સદ્વર્તન સેવવા નિજ પુરૂષાર્થ ફેરવનારા સજ્જનો તો થોડાજ વખતમાં જન્મમરણના ફેરા ટાળી અક્ષય–અવિનાશી પરમાનંદ–મોક્ષપદ પામી શકે છે. પરંતુ પૂર્વના પુન્યયોગે પ્રાપ્ત થયેલી આ બધી દુર્લભ સામગ્રીને વિષય–કષાયાદિક સ્વેચ્છાચાર વડે નિષ્ફળ નિરર્થક કરી નાંખી કરેલાં દુષ્કૃત્યો વડે જે મુગ્ધ ( અજ્ઞાની ) જનો નરક પશુ જેવી નીચી ગતિમાં જન્મ ધારણ કરે છે તેમના હાથમાંથી જે અમૂલ્ય તક સરી ગઇ તે ગમે તેવાં ભારે કષ્ટો પછી સહન કરવા છતાં પાછી મળવી અતિ અતિ દુર્લભ છે. તેથીજ મન અને ઇન્દ્રિયોને લગામમાં રાખી અવળે રસ્તે જતાં અટકાવી સવળે સાચે રસ્તે દોરવી આપણી ઉન્નતિ સાધવામાં જ ઉપયોગી બનાવી દેવી ઉચિત છે. ઇતિશમ્.

લે૦ મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સદ્વાક્યો.

૧ કરેલાં પાપનાં ફલ ભોગવતાં હે મનુષ્ય! તું બીજા ઉપર કોપાયમાન ન થા તથા વચ્ચે આવતાં સાધનોને નિમિત્ત માત્ર જાણ.

૨ સખ્તમાં સખ્ત અપરાધ કરનારને પણ ક્ષમા આપી તેના ઉપર ઉપકાર કરતા શીખ.

૩ ભણેલો હો, આત્માનું ખરૂં સ્વરૂપ જાણનાર હો, પણ બ્રહ્મચર્ય વગર નકામું છે.

૪ પરનિંદા કરતાં સ્વાત્માનીજ નિંદા કર.

૫ પરનિંદા કરતાં પોતામાં તે ગુણ દાખલ થાય છે.

૬ આત્મ વખાણ, પરનિંદા, જીહ્વાની લોલુપતા, સ્ત્રી પુરૂષની અભિલાષા, ક્રોધાદિ એ સદ્ગુણોનો નાશ કરે છે.

૭ સત્પુરૂષો થોડું પણ પ્રિય લાગે એવું મધુર ગર્વ રહિત બોલે છે.

૮ સત્પુરૂષોએ જોયેલી અને સાંભળેલી બધીજ વાતો બોલવા લાયક હોતી નથી.

૯ રાગ અને દ્વેષ શત્રુઓ કરતાં વધારે અનર્થ કરે છે.

૧૦ બે સત્પુરૂષોથી જ પૃથ્વી શોભાયમાન છે: ઉપકાર કરનાર અને કરેલ ઉપકાર નહિ વિસરનાર.

૧૧ વિષયો આરંભમાં રમ્ય લાગે છે પણ પરિણામે અતિ ભયંકર છે, હસ્તિના બંધનની જેમ.

૧૨ ઇંદ્રિયોની હાની, જરાનું આવવું, રોગની પીડા, થાય નહિ તેટલી વારમાં તારૂં જીવન સતકાર્યમાં જોડ.

૧૩ એક ભવના શત્રુ કરતાં પહેલાં અનંત ભવના શત્રુથી ચેત.

૧૪ તું તૃષ્ણા ત્યાગીને સત્કાર્યમાં જોડા; કારણ કે મૃત્યુ અનિશ્ચિત છે.

૧૫ ત્યાગી પુરૂષો કે જે જન્મ જરા અને મૃત્યુથી કંટાળેલા છે તેઓ દરેકના અપરાધની ક્ષમા આપે છે.

૧૬ જો તું સંપ કરવા ઇચ્છતો હોય તો તું બધું સહન કરતા શીખ અને તું એવું બોલ કે બીજાને સહન કરવું ન પડે.

૧૭ નખે કરી ખંજોલવાથી જે સુખ મળે છે તેવું સુખ કામી પુરૂષો મેળવે છે; માટે તું ચેત.

૧૮ બોલવા કરતાં કરી બતાવવું એ શ્રેષ્ટ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૯ વિચારકો કરતાં કાર્યવાહકોની વધારે જરૂર છે.

૨૦ સદા પ્રમાદથી વિરકત થા.

૨૧ સત્કાર્ય દ્દઢતાથી કરી બતાવશો તો તમારો પક્ષ સબલ થતાં જરા પણ વાર લાગશે નહિ.

૨૨ સારસ પક્ષીની માફક ન કરતાં બોલ્યા પ્રમાણે કરવું.

૨૩ વિચારીને કાર્ય આરંભવું. આરંભ્યા પછી ખંતથી મંડયા રહેવું.

૨૪ દુર્વ્યસન અને તેને સેવનાર માણસોથી દૂર થા.

મુ. કમલવિજય—કડોદ.

## 'દેવદ્રવ્ય' સંબંધી મુનિ મહારાજ શ્રી કલ્યાણવિજયજીનો એક પત્ર. *

પાટણવાળાની ધર્મશાળા.

પાલીતાણા તા. ૧–૧૦–૧૯.

શ્રીયુત મુનિશ્રી બુદ્ધિવિજયજી મહારાજ, જસપરા. વંદનાદિ નિવેદન.

વિશેષ, પત્ર આપનો તારીખ વગરનો પહોંચ્યો, સમાચાર જાણ્યા છે.

મ્હારા છેલ્લા લેખના સંબધમાં આપે જે જે સૂચનાઓ કરી છે દેવદ્રવ્યની આવક ભાંગી પડવાનો ભય અને તેનાં સાધક પ્રમાણોના જે જે ઉલ્લેખો કર્યા છે તે સર્વની આશંકાઓ લેખ લખતી વેળાએજ મ્હારા હૃદયમાં જાગ્રત હતી, વિચારોની સાથે તેમનું યુદ્ધ ચાલ્યું હતું અને અંતે વિચાર–સત્યતાની આગળ તેઓને પોતાની હાર કબૂલવી પડી હતી. આપ જોશો અને વિચારશો તો ઐદમ્પર્ય એ જ આવશે કે આ સઘળી આશંકાઓ–દેવદ્રવ્યની આવક ભાંગી પડવાના ભયની આગા-

* હાલમાં ચર્ચાતા દેવદ્રવ્યના વિષયમાં મુનિરાજશ્રી બુદ્ધિવિજયજી કે જેઓ ગયું ચાતુર્માસ જસપરામાં હતા તેઓશ્રીએ આચાર્ય મહારાજ શ્રીમાન્ સિદ્ધિવિજયજી મહારાજના વિદ્વાન્ શિષ્ય શ્રીમાન્ મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજ ઉપર જૈન પત્રમાં "શ્રીયુત ધર્મચંદને ઉત્તર" એ મથાળાનો લેખ આવેલો તેમાં "સ્વપ્નની આવક સાધારણમાં લેવી અને સુપન સાધારણ ખાતાનાં હોયતો તે ઉપજ સાધારણ ખાતામાં લેઇ શકાય" આવા આશયનું ઉક્ત મહાત્મા શ્રી કલ્યાણવિજયજી મહારાજનું લખાણ વાંચવા ભર્યું છે. આવી મતલબનો એક પત્ર મુનિરાજ શ્રી બુદ્ધિવિજયજીએ મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજ ઉપર લખેલો, તેનો ઉત્તર મુનિરાજશ્રી કલ્યાણવિજયજી મહારાજે પત્રદ્વારા આપેલો તે પત્ર જૈન સમાજને ઉપયોગી હોવાથી ઉક્ત મહાત્માએ અમોને છાપવા મોકલ્યો છે જેથી તે અત્ર અક્ષરશઃ પ્રકટ કરવામાં આવે છે.

સેક્રેટરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિઓ વાસ્તવમાં કાંઈ જ નથી, ગતિ કરનારને પગ ઉપાડવામાં ભય માનવો એ તેના કાર્યની નિષ્ફલતાનું સૂચન છે.

મ્હારો લેખ પ્રમાણિક મનાતો હોઇ તેને આધારે દેવદ્રવ્યની ઉપજનાં સાધનો સાધારણમાં બદલાવવાનો અને તેમ થતાં દેવદ્રવ્યની આવક પડી ભાંગવાનો જે આપ ભય રાખો છો તે મ્હારી સમજ પ્રમાણે વધારે પડતો છે. ધારો કે મ્હારી માન્યતા લોકોને યોગ્ય લાગી જાય અને તે પ્રમાણે સાધારણખાતામાં સાધનો લાવવામાં બાધ ન મનાય તો પણ તેનો સાર્વત્રિક અમલ તો ન જ થઇ શકે. આપ વિચાર કરશો તો જણાશે કે, જ્યાં દેવદ્રવ્યની આવક ખર્ચના પ્રમાણમાં જ હશે અથવા શીલકમાં નાણું પૂરતું નહિ હશે તેવે સ્થળે મ્હારી માન્યતાનો અમલ થવો અશક્ય છે, અને જ્યાં દેવદ્રવ્યની ઉપજ ખર્ચના પ્રમાણથી ઘણી અધિક હશે અને ભંડારમાં પણ નાણું પૂરતું હશે ત્યાં આજે મનાતાં દેવદ્રવ્યની ઉપજનાં સાધનો સાધારણમાં બદલી લેવામાં આવશે તો તેથી નુકસાન શું છે ?

આપ દલીલ કરો છો કે સુપન વિગેરે કરાવનારનો અભિપ્રાય દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનો હોવાથી તે સાધનો સાધારણ વિગેરેમાં લઈ શકાય નહિં, મ્હારે આ વિષયમાં એટલું જ કહેવાનું છે કે કરાવનારનો અભિપ્રાય ગમે તેવો હોય પણ તેના અભિપ્રાયનું સ્વરૂપ એવું તો ન જ હોઈ શકે કે દેવદ્રવ્યની જરૂર હોય યા ન હોય પણ આ સ્વપ્નદ્વારા તો દેવદ્રવ્યની જ વૃદ્ધિ કર્યા કરવી.

એ વાત પ્રત્યક્ષ છે કે આજે જે દેવદ્રવ્યની ઉપજનાં સાધનો પ્રચલિત છે તેમાંનો ઘણો ભાગ આપવાદિક છે એટલે કે દેવદ્રવ્યની તંગીને પહોંચી વળવાને શ્રાવકલોકોએ કલ્પી કાઢેલા માર્ગો છે, આવા માર્ગોની આવશ્યકતા દેવદ્રવ્યની આવશ્યકતાની સાથે બંધાયેલી હોય છે તેથી દેવદ્રવ્યની પૂર્તિ થતાં જ તેની જરૂરત મટી જાય છે, જરૂર વિના તે કારણિક માર્ગોનું અવલંબન લેવું તે વિનાકારણે આપવાદિક માર્ગનું સેવવું છે. આ પરથી આપ સમજી શકશો કે દેવદ્રવ્યની વૃદ્ધિ સાટે સ્વપ્ન વિગેરે કરાવનારના આશયની હદ ત્યાં સુધી જ હોઇ શકે કે જ્યાં સુધી તે દ્રવ્યની ખાસ જરૂર છે.

આવી વસ્તુસ્થિતિ છતાં પણ એમ માનવામાં આવે કે ‘ ચાલતી રૂઢિમાં ફેરફાર કરવાથી પ્રથમના સંઘનું અપમાન થાય છે’ તો દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને વિચારીને ચાલવાના સિદ્ધાંતને જલાંજલિ આપવી પડશે, કારણ કે ઉપર્યુક્ત સિદ્ધાંતનો અર્થ જ એ છે કે ‘ આવશ્યકતાઓને વશ થઈ અમુક ચાલુ પ્રવૃત્તિમાં ફેરફાર કરવો ’ અને આવશ્યકતા પરત્વે પણ ચાલુ રૂઢિમાં ફેરફાર કરવો એ આપની માન્યતા પ્રમાણે પ્રથમના સંઘનું અપમાન કરવું છે ત્યારે કહો કે આ સિદ્ધાંતની આપણને જરૂર શી ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ જાણો છો કે સ્વપ્નની આવક દેવ ખાતે લેવાનો પ્રથમ ઠરાવ થયેલ હોવાથી તે આવક બીજે લઇ શકાય નહિ. પણ હું પૂછું છું કે આપ કહો છો તેવો ઠરાવ પ્રથમના કયા સંઘે કર્યો છે તે જણાવશો ? સ્વપ્ન અને તેવી જ જાતની અન્ય પ્રવૃત્તિઓનો ઇતિહાસ તપાસશો તો માલમ પડશે કે તે સાધનો દ્વારા ઉત્પન્ન થતાં દ્રવ્યને દેવદ્રવ્યમાં જ લેવું એવો ખાસ ઠરાવ સંઘે કોઈ કાળે કર્યો નથી. જો એવો ઠરાવ થયેલો હોય તો આજે જે ગામોગામ તે વિષયની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ જોવાય છે તે સંભવે નહિ. ખરી વાત તો એ છે કે તે તે ગામોનો શ્રાવકસંઘ પોતે જ પોતાની જરૂરીયાત વિચારી તેવા દ્રવ્યને માટે માર્ગો શોધી કહાડે છે, આને જો આપ સંઘનો ઠરાવ કહેતા હો તો તેમાં મ્હારો વાંધો નથી, અને હું માનું છું કે આવી રીતે માત્ર પોતાની જ મરજીથી ઠરાવ કરવાની શક્તિવાળો તે તે ગામનો સંઘ તેમાં ફેરફાર કરવાની કે તેને બિલકુલ રદ કરવાની પણ પૂર્ણ સત્તા ધરાવે છે.

આમાં એવો ભય માનવો કે 'તેથી દેવદ્રવ્યની આવક ભાંગી પડશે' મારી માન્યતા પ્રમાણે નિરર્થક છે. આપણે જાણીએ છીયે કે નીક દ્વારા જે પ્રમાણમાં જલ પ્રવાહ એક ક્ષેત્રમાં જાય છે તેને ક્ષેત્રાંતરમાં વહેંચી નાખવાથી પ્રથમના ક્ષેત્રમાં જળની આવક ઓછી થશે એ અનિવાર્ય છે, પણ તેથી એમ કરવું ઉચિત ગણાશે કે પ્રથમનું ક્ષેત્ર ભલે જળમાં તર્યા કરે, અને બીજા તે વિના સુકાઇ જાય, પણ પ્રથમથી જે પ્રવાહ જયાં જતો હતો તેને ત્યાં જ જવા દેવો ? જો આપની માન્યતાનો અર્થ એટલો જ હોય કે ગમે તેટલા લાભનું કારણ હોય પણ દેવદ્રવ્યની ચાલુ આવકમાં લેશ પણ ખામી આવે તેવો ઉપદેશ કરવો તે પાપનું કારણ છે તો મ્હારે ખુલ્લી રીતે કહેવું પડશે, કે એ માન્યતા ન્યાયરહિત અને પૂર્વાચાર્યોના મતને બાધા કરનારી છે. પૂર્વાચાર્યો કહે છે કે 'જે વેળા જે ક્ષેત્ર સીદાતું હોય તે વેળા તેનો ઉદ્ધાર કરવો એ વિશેષ લાભદાયક છે.' વળી તેઓ એમ પણ ઉપદેશે છે કે 'ધર્મમાર્ગે દ્રવ્ય ખર્ચવાની અભિલાષા હોય તો સાધારણ ખાતામાં વિશેષ આપવું તે ઘણું સલાહ ભરેલું છે.' એક ક્ષણ વાર પણ પૂર્વબદ્ધ વિચારોને કોરાણે મુકીને આપ વિચાર કરશો તો જણાશે કે પૂર્વાચાર્યના અને આપના વિચારમાં કેટલી બધી વિષમતા છે ?

આપે લખેલી સંબોધ પ્રકરણની ગાથા મ્હારી માન્યતાને કોઈ પણ રીતે બાધા કરનારી નથી. પૂર્વાચાર્યોએ આપેલા અને એના શબ્દોથી પણ ઉપસ્થિત થતા અર્થનો વિચાર કરશો તો જણાશે કે મ્હારા વિચારો કોઇ પણ રીતે 'આદાન ભંજક, થઇ શકતા નથી.

આરતી પૂજાના ઘીને સાધારણમાં લાવવાની મ્હારા લેખમાં આજસુધી હિમાયત થઇ જ નથી; છતાં આપ એ સવાલને ચાલુ પ્રકરણમાં જોડી દઈને પ્રસ્તુત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચર્ચાને વિષયાંતરની સાથે મિશ્ર બનાવી દીધી છે, હું તેવી રીતે વિષયાંતરમાં ઉતરવા માગતો નથી. 'સ્વપ્ન કે તેવી જ જાતની બીજી ચીજો કે જેનો જીનભક્તિની સાથે વાસ્તવિક સંબંધ નથી તે સાધારણ વિગેરેમાં બદલવામાં આવે તો શાસ્ત્રીય વાંધો નથી ' એટલું જ પ્રસ્તુત ચર્ચાનું મૂળ છે.

આપની માન્યતા એ છે કે ઘોડીઆપારણાં વિગેરેમાં બોલાતું ઘી જીનભક્તિ નિમિત્તક હોવાથી તે દેવદ્રવ્યમાં જ જવું જોઇએ,' પણ આપ ઉંડો વિચાર કરશો તો જણાશે કે તે પ્રસંગોમાં ઘી બોલનારનો આવો આશય ભાગ્યે જ હોય છે કે ' આ મ્હારા ઘીના દ્રવ્ય વડે ભગવંતની ભક્તિ થાઓ ' તેનો ખરો આશય એ હોય છે કે આ દ્રવ્ય વડે હું આ તાત્કાલિક ભક્તિમાં અગ્રેસર તરીકે ભાગ લઉં. તાત્પર્ય એ છે કે અમુક દ્રવ્ય સંઘની સેવામાં હાજર કરીને તે ભક્તિકાર્યમાં પોતે સંઘ પાસેથી પ્રથમ હક્ક મેળવે છે, અને આ રીતે અગ્રેસરપણાના બદલા તરીકે આવેલા દ્રવ્યપર સંઘનો જ હક્ક હોઇ તે ધારે તે માર્ગે ખર્ચવાને શક્તિવાન્ છે.

એ વાત ખરી છે કે ' દેવદ્રવ્ય ' વડે શ્રાવકોના ઉદ્ધારની આશા રાખવી તે નિરર્થક છે, પણ આવી આશાને ઉત્તેજન આપવાની મ્હારા લેખમાં ગંધ પણ કયાં છે તે બતાવશો ?

દેવદ્રવ્ય ભક્ષકોની દુર્દશાનો ખ્યાલ તમે મ્હને આપો છો તે મ્હારા ધ્યાન બહાર નથી, હું માનું છું કે દેવદ્રવ્ય કે કોઇ પણ બીજાની માલેકીનું દ્રવ્ય કે જેના ઉપર પોતાનો કાંઇ પણ હક્ક નથી તેનો પોતાને માટે ઉપયોગ કરનાર ગુન્હો કરે છે—અન્યાય માર્ગે ગમન કરે છે, અને તેમ કરનારને તેનો અન્યાય લેશ જ કટુફળ આપે છે, બાકી ' દેવદ્રવ્ય ' કાંઇ સોમલ કે વછનાગ ઝેર નથી કે જે હક્કથી ખાનારને પણ મારી નાખે. ખેદની વાત છે કે ' દેવદ્રવ્ય—ભક્ષણ ' નો અર્થ આજે ઘણો જ વિકૃત કરવામાં આવે છે, જાત મહેનત કે વસ્તુની કીમત તરીકે દેવદ્રવ્ય લેનાર પણ ગતાનુગતિક સિદ્ધાંતની દૃષ્ટિમાં આજે દેવદ્રવ્ય—ભક્ષક ગણાય છે, તેની જોડે બેસીને જમનાર પાપના ભાગી મનાય છે અને તેના ઘરથી ભિક્ષા લેનાર સાધુઓને પણ ભવભ્રમણનો ભય બતાવાય છે. શું આ અવિચારની પરાકાષ્ઠા નથી ? મ્હને પૂછવા દો કે જે લોકો ' દેવદ્રવ્યભક્ષણ ' ની આવી વ્યાખ્યાને સર્વજ્ઞભાષિત માનીને વળગી રહ્યા છે તેમના મતમાં દેવદ્રવ્યના નામથી એક રાતી પાઈ પણ સંગ્રહવી ઉચિત ગણાશે ખરી ? જીર્ણોદ્ધારાદિ કાર્યોમાં સેંકડો લોકોને રોકીને દેવદ્રવ્ય તરીકે મનાયેલા હજારો અને લાખો રૂપિયા તેઓને આપી દેવા એ તેમના મત પ્રમાણે લાભકારક ગણાશે ખરૂં કે ? આપ જરા વિચાર કરશો તો જણાયા વગર રહેશે નહિં કે ' દેવદ્રવ્યભક્ષણ ' ની ઉપર્યુક્ત વ્યાખ્યા કેટલી બધી આપત્તિજનક છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વારંવાર એમ કહેવામાં આવે છે કે ‘શાસ્ત્રના પુરાવા સિવાય દેવદ્રવ્યની આવક સાધારણ ખાતામાં લાવવી યોગ્ય નથી.’ હું કબૂલ કરૂં છું કે દેવદ્રવ્યની આવક સાધારણના ઉપયોગમાં લઇ શકાય નહિં, પણ જે સાધનોની ઉત્પત્તિ જ શાસ્ત્રનિરપેક્ષ હોય, જે સામગ્રી લોકોએ પોતાની જ મુનસફીથી જોડેલી હોય તે સાધનોમાં અને તે સામગ્રીમાં ફેરફાર કરતાં શાસ્ત્રીય બાધા સંભવે ખરી ? જે કાર્યની પ્રવૃત્તિમાં શાસ્ત્રનો હાથ જ ન હોય તેની નિવૃત્તિનો શાસ્ત્ર નિષેધ કરી શકે ખરાં ? અનાગામિક પ્રવૃત્તિના નિવર્તનમાં શાસ્ત્રીય પ્રમાણ માંગવું ન્યાય ગણાશે કે ?

આપે જણાવેલ દ્રવ્યસપ્તતિકાનો સિદ્ધાંત હું સમજું છું. તે વિષયની મ્હારી માન્યતા પણ તેવી જ છે. જે ઉપર બતાવી ચુકયો છું. પણ કીમત આપીને દેવકીય ચીજ સાધારણમાં બદલવી અને બદલો આપ્યા વગર સાધારણમાં લેવી એ બંને ભિન્ન પ્રકારો છે. બીજા પ્રકારને માટે લખાયેલ સિદ્ધાંત પ્રથમમાં લાગુ પાડવો એ નિગ્રહસ્થાન છે તે કેમ ભૂલી જાઓ છો ?

એ વાત માન્ય છે કે જિનાજ્ઞાધારી જીવોના સમુદાયને જ જૈનસંઘ કહેવો ઉચિત છે, પણ આજકાલ આપણે જિનાજ્ઞાયુક્ત અને જિનાજ્ઞારહિત અથવા સંઘ અને સંઘ બાહ્યની જે વ્યાખ્યા કરીયે છીયે તે ઘણી વિષમ છે. ગતાનુગતિક કે અનાગામિક પરંપરાઓને પણ સર્વજ્ઞની આજ્ઞા માની લઇ તેથી વિરૂદ્ધ વર્તનારાઓને જિનાજ્ઞા બાહ્ય અને મિથ્યાત્વી કહેવામાં આપણે કેટલી બધી ઉતાવળ કરીયે છીયે તે ખાસ વિચારવા જેવું છે !

હવે હું આપના સૂચવેલા સુધારાના સંબંધમાં બે અક્ષર કહેવા માગું છું. આપ લખો છો કે “આખો હીંદુસ્થાનનો સંઘ જો સર્વાનુમતે પસાર કરે અને તેવો નવો ધારો વર્ત્તમાન કાળના સઘળા આચાર્યોની સમ્મતિથી કરાય તો જ તેવા ફેરફારને માટે યોગ્યતા હોવાનું હવે આપ લખવાની કૃપા અવશ્ય કરશો ” એ તો ઠીક, પણ જ્યારે આપનો એવો જ મત છે કે જે વસ્તુની ઉપજ આજ સુધી દેવદ્રવ્યમાં ગઇ હોય તે વસ્તુને કીંમત આપીને પણ સાધારણ ખાતે લાવી શકાય જ નહિં, તો પછી આ સુધારો શું આપને બાધાકારી નહિં થાય ? આખા હિંદુસ્થાનનો સંઘ દેવદ્રવ્યનાં સાધનો સાધારણ ખાતામાં લેવાનો ઠરાવ કરશે તો શું તેથી દેવદ્રવ્યની આવક વિશેષ રીતે ભાંગી નહિં પડે ? અથવા તેવા ઠરાવથી દેવદ્રવ્યની આવક ભાંગી પડવાથી આખા હિંદુસ્થાનના સંઘને સંસારભ્રમણ કરવું નહિં પડે ? કદાચ એમ કહેવામાં આવે કે આખા હિંદુસ્થાનના સંઘને તેમ કરવાની સત્તા હોવાથી પૂર્વોક્ત દોષાપત્તિ નથી તો મ્હારે કહેવું પડશે કે જેમ આખા હિંદુસ્થાનનો સંઘ લાભાલાભ જોઇને આખા હિંદુસ્થાનના સંઘને માટે કોઇ પણ નવો ફેરફાર કરવાની સત્તા ધરાવતો હોઇ તેવા ફેરફારો કરતાં દોષનો ભાગી બનતો નથી તેજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે પ્રત્યેક ગામનો સંઘ પણ પોતાની સ્થાનિક પ્રવૃત્તિઓમાં ફેરફાર કરવાની સત્તાવાળો હોઇ તેમ કરતાં દોષનું પાત્ર બની શકતો નથી. હા, આખા હિંદુસ્થાનના સંઘે મળીને આવો ઠરાવ કર્યો હોય કે ‘ સ્વપ્નની આવક દેવદ્રવ્ય ખાતે જ લેવી ’ ત્યારે તો આપની માન્યતા પ્રમાણે ગણી શકાય કે તેવો ફેરફાર કરવો આખા હિંદુસ્થાનના સંઘને આધીન છે, પણ તેવું તો છે જ નહિં એ હું પહેલાં જ કહી ગયો છું.

વળી વર્તમાન કાળના સર્વ આચાર્યોની સમ્મતિ હોય તો જ તેવો ફેરફાર થઇ શકે એ પણ આપની માન્યતા ભૂલ ભરેલી છે. આચાર્યોની સલાહ લેવી તે ઉચિત છે, પણ તે સર્વની તેમાં સમ્મતિ હોવી જ જોઇએ એવો નિયમ બાંધવો ગેરવ્યાજબી છે. શું તે પ્રવૃત્તિની શરૂઆત તે કાળના સર્વ આચાર્યોની સમ્મતિથી થયેલી છે કે તેના ફેરફારમાં વર્તમાનકાલીન સર્વ આચાર્યોની સમ્મતિ લેવાનો આગ્રહ કરવામાં આવે છે ? જે કાર્યની પ્રવૃત્તિમાં આચાર્યોની સમ્મતિની જરૂર જ ન સ્વીકારાઇ હોય તેના ફેરફારમાં તેમની સમ્મતિની ખાસ રાહ જોવી એ મારી માન્યતા પ્રમાણે બીનજરૂરી છે.

આ સર્વ જોતાં સખેદ જણાવવું પડે છે કે આપનો સૂચવેલો સુધારો જે પ્રાકૃત વિષયમાં કેવળ અર્થ વિનાનો છે તે હું સ્વીકારી શકતો નથી.

સ્વપ્નની આવકના સંબંધમાં વર્તમાનકાલીન પૂજ્ય મુનિરાજોની માન્યતાનો ઇસારો કર્યો તેના ઉત્તરમાં લખવાનું કે ઉક્ત મ્હારો લેખ અત્ર વિરાજતા ઘણા વિદ્વાન મુનિમહારાજોના દૃષ્ટિમાં નિકળ્યા પછી જ પ્રસિદ્ધ થયો છે, અને છપાયા પછી પણ ઘણાઓની દૃષ્ટિમાં પડયો હશે, પણ સ્થિતપ્રજ્ઞતાથી વિચાર કરતાં કોઇને પણ કોઇ જાતનો તેમાં વિરોધ ભાસ્યો નથી, પરંતુ આશ્ચર્યની વાત એટલી જ છે કે આપ જેવા એક સુજ્ઞ મુનિને તેમાં વિરોધની ગંધ આવે છે.

વળી આપ સ્વમાન્યતાની પુષ્ટિમાં અમદાવાદ અને ભાવનગરના મોટા મોટા માણસોનો પણ આવોજ વિચાર હોવાનું જણાવો છો, પણ મ્હારે કહેવું પડશે કે ગમે તેવા મ્હોટા માણસોનો તેવો વિચાર હોય પણ પ્રમાણ યુકિત શૂન્ય તેવા વિચારને હું માન આપી શકતો નથી. તીર્થંકરો, ગણધરો, અને ધુરંધર આચાર્યોનાં વચનો પર વિશ્વાસ, શ્રદ્ધા રાખવી તે જૈનોને માટે અનિવાર્ય છે, પણ એક સામાન્ય વ્યકિતનાં કથન પર પણ તેવીજ મૂક શ્રદ્ધાથી નિર્ભર રહેવાનો વખત હવે રહ્યો નથી, હું જાણું છું કે મ્હારો જે ઉત્તર તમને વિરૂદ્ધ જણાયો છે તેજ ઉત્તર અમુક ગૃહસ્થ વ્યકિતઓને પણ ભયજનક લાગ્યો છે. પણ તેથી શું વસ્તુ સત્યતાને દાબી દઇને હું પણ તેમની સાથે અંધારામાં ફટાયા કરૂં ? આપ સત્ય માનજો કે ગતાનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગતિક કે અંધપરંપરાઓનો હું વિરોધી છું, સત્ય વાતને પડદામાં રાખીને નિર્મૂલ રૂઢિના પૂજારીઓનાં મન મનાવવાં મ્હને પાલવશે નહિં.

છેવટ—આપના પત્રનો આ ઉત્તર કેટલાક અનિવાર્ય કાર્યોને લીધે જરા વિલંબથી લખાયો છે, તેમજ ઘણીજ નમ્રતાથી સૂચવેલો આપનો સુધારો પણ હું સ્વીકારી શકયો નથી તે બદલ ક્ષમા યાચી આ પત્ર હવે સમાપ્ત કરૂં છું.

લી૦ મુનિ કલ્યાણવિજય.

# નિષ્ફલતામાં સફલતા.

લે૦—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.

"કંઇ લાખો નિરાશામાં અમર આશા છુપાઇ છે."

ઉદ્યોગ કરવામાં આવે અને કદાચ નિષ્ફલતા મળે તો તે નિષ્ફલતાનાં દુ:ખને સહન કરવાનું તથા ભવિષ્યનાં પરિણામ ઉપર આશા રાખવાનું, નિરાશ ન બનવાનું તેમજ પોતાના કર્ત્તવ્યમાર્ગ ઉપર વીરતાપૂર્વક વિચરવાનું ચાલુ રાખવાનું કાર્ય સ્હેલું નથી. તે કાર્ય અત્યંત કઠિનતાભર્યું છે અને તેને માટે ઘણી હિમ્મતની જરૂર છે; પરંતુ ઘણે ભાગે એવું બને છે કે જે વાતમાં આપણે નિરાશા યાને નિષ્ફલતા સમજીએ છીયે, તેમાંથી કોઇ મહાન સફલતાનો પ્રાદુર્ભાવ થાય છે. એક કાર્યનો કોઇ છિન્નભિન્ન કટકો કોઇ કોઇ વખત એક મહાન કાર્યનો આધાર બની જાય છે અને નવી નવી વાતો ઉત્પન્ન કરી શકે છે.

જે જે મહાપુરૂષો થઇ ગયા તે સર્વનાં જીવનવૃત્તાંતનો જો સારી રીતે અભ્યાસ કરવામાં આવે તો માલુમ પડશે કે તેઓની બાબતમાં એકાદ નિષ્ફલતાથી બીજી સફલતાનું દ્વાર ઉઘડી ગયેલું હોય છે. રાજા પ્રતાપસિંહને જયપુર નરેશની સેવામાં રહેવામાં જો નિષ્ફલતા ન મળી હોત તો તે કદાચિ એક રાજ્યની સ્થાપના કરી શકત નહિ. જયપુરનો ત્યાગ કરીને તેઓના ભરતપુર ચાલ્યા જવાથી એવા પ્રકારની સામગ્રી એકઠી થઇ ગઇ કે જેને લઇને તેઓ પોતે એક રાજ્યના માલેક બની ગયા અને ઉક્ત રાજ્ય રાજપુતાનામાં અલવરના નામથી પ્રસિદ્ધ રાજ્યોની કોટિમાં લેખાય છે. અમેરિકામાં પહેલવહેલાં કેનેડામાંથી ન્યુયૉર્કમાં લાકડાં મોકલવાની એક નવીન યુક્તિની શોધ કરવામાં આવી હતી. તે એ હતી કે લાકડાંની ભારીઓ બાંધીને સમુદ્રમાં મુકવામાં આવી હતી જે પાણીનાં વહનની સાથે ન્યુયૉર્કની નજીક પહોંચી ગઇ હતી, પરંતુ અચાનક સમુદ્રનાં પાણીમાં એટલી બધી હલચલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ ગઇ કે સઘળાં લાકડાં છુટા પડી ગયા અને કયાંના કયાં તણાઇ ગયા. આ પ્રમાણે તે કાર્યમાં સફલતા મળી નહિ; પરંતુ એ નિષ્ફલતામાંથી અજાયબીભરેલી સફલતા નિષ્પન્ન થઇ હતી. સમુદ્ર ઉપર કાર્ય કરનારાઓએ તે ખબર સાંભળીને દરેક જગ્યાએ માણસોને લખ્યું કે જયાં જયાં એ લાકડાંઓ જાય તેની ખબર તુરત તેઓને પહોંચાડવી. આનું પરિણામ એ આવ્યું કે સમુદ્ર પર કામ કરનારા લોકોને એક અગત્યનાં જ્ઞાનની પ્રાપ્તિ થઇ. તેઓના જાણવામાં આવ્યું કે તોફાન આવ્યા પછી સમુદ્રમાં પાણીનો પ્રવાહ કયી તરફ વળે છે, કેટલા જોરથી સમુદ્રમાં મોજાં ઉછળે છે, અને કયાંસુધી પાણીનું વહન ચાલે છે. આ પ્રકારનાં જ્ઞાનથી દુનિયાને મહાન લાભ થયો હતો.

એવાં અનેક ઉદાહરણો આપી શકાય એમ છે કે જેમાં ઇપ્સિત કાર્યમાં સફલતા ન મળી હોય, પરંતુ તેનાથી બીજાં ઘણાં કાર્યો કરવામાં આવ્યાં હોય. રસાયણ બનાવનારા લોકોને એવી ધૂન લાગી હતી કે કોઇ પણ ક્રિયાથી ત્રાંબામાંથી સોનું બનાવવું. એ ઉદ્યોગ કરવામાં હજારો વર્ષ વ્યતીત થઇ ગયા. તોપણ ત્રાંબામાંથી સોનું બનાવવામાં કોઇને સફલતા મળી નહિ, પરંતુ એ ઉદ્યોગનું એક અગત્યનું પરિણામ એ આવ્યું છે કે આજકાલ રસાયણશાસ્ત્ર ઘણી ઉન્નત દશાએ પહોંચ્યું છે અને તેની સહાય વડે અનેક કાર્યો કરવામાં આવ્યા છે. આ સંબંધી વધારે ઉદાહરણો ન આપતાં હવે એટલું બતાવવું જરૂરનું છે કે પ્રકૃતિના નિયમાનુસાર એક કાર્યમાં નિષ્ફલતા એટલા માટેજ મળે છે કે તે નિષ્ફલતામાંથી બીજી મહાન સફલતા નિષ્પન્ન થવાની હોય છે. આ ઉપરથી મનુષ્યે શાંતિ અને સંતોષ રાખવા જોઇએ. કદાચ કોઇ કાર્ય આપણી ઇચ્છાનુસાર ન થાય તો તેથી અધીર ન બનતાં હમેશાં ધૈર્ય રાખવું જોઇએ; કારણ કે તે કાર્ય કદાચ ન થાય તો પણ તેનાથી કોઇ બીજું મહાન કાર્ય જરૂર થશેજ. મનુષ્યે કદાપિ નિરાશ બનવું જોઇએ નહિ. માત્ર ઉદ્યોગમાં જ મગ્ન રહેવું જોઇએ. જો કે ઉદ્યોગ કદિ પણ નિષ્ફલ જતો નથી તો પણ ફળની ચિંતા કર્યા વગર પ્રત્યેક મનુષ્યે નિષ્કામ ઉદ્યોગ કરવા તરફ વૃત્તિ રાખવી જોઇએ, કેમકે

“ कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ”

કેટલીક વખત નિષ્ફલતા આપણાં જીવનમાં મહાન પરિવર્તન ઉત્પન્ન કરે છે. આપણને ન્હાનાં કાર્યોમાંથી પસાર કરી મોટાં કાર્યો તરફ દોરે છે. એ કાર્ય કરવામાં કદાચ આપણને ધનની પ્રાપ્તિ ન થાય અને યશ ન મળે એ સંભવિત છે, પરંતુ એટલું તો ચોક્કસ છે કે આપણી માનસિક તથા આત્મિક શક્તિઓનો એટલો બધો વિકાસ થઇ જાય છે કે આપણું ભાવી જીવન સુધરી જાય છે. આપણને જે કાંઇ મળે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને વાસ્તવિક જીવન કહી શકાતું નથી, પરંતુ આપણે એનાથી નિશ્ચય કરીને જે કંઇ યત્ન વડે પ્રાપ્ત કરીએ છીએ તેને જ સાચું જીવન કહી શકાય છે. જ્યારે યોગ્ય સમય ચાલ્યો જાય છે ત્યારે એવા વિચારો કરવા નિરર્થક છે કે આપણી પાસે દ્રવ્ય હતું કે નહિ, આપણને સફલતા મળી હતી કે નહિ. તમારા માટે હવે તો માત્ર એક જ પ્રશ્ન છે કે એ સઘળી વાતોથી તમારા હૃદય ઉપર કેવી અસર થઇ, તમને દ્રવ્ય વડે કેવી રીતે લાભ થયો અને કેવી રીતે તમે નિર્ધનતાની સામે થયા. આ વાતો ઉપર સફલતા અને નિષ્ફલતા નિર્ભર છે. જો તમે નિર્ધનતા સહન કરીને સદાચારી અને સાત્વિક બન્યા હો તો જાણો કે તમને સફલતા મળી છે. જો તમે દ્રવ્ય સંપાદન કર્યું હોય, પરંતુ તેનાથી તમારામાં અભિમાન, મદ, ઘમંડ આદિ અવગુણો આવી ગયા હોય તો જાણો કે તમને જરા પણ સફલતા મળી નથી. આવું દ્રવ્ય મેળવવા કરતાં નિર્ધન રહેવુંજ વધારે સારૂં છે. એનું નામ સફલતા નથી, તે તો નિષ્ફલતા જ કહેવાય છે. એનાથી તો તમે અવળે માર્ગે ચઢી ગયા. તેથી કોઇ વસ્તુની પ્રાપ્તિ થવી એટલુંજ માત્ર ઉપયોગી નથી, પરંતુ એનાથી તમને કેટલો લાભ થયો અને તમારા ઉપર તેની શું અસર થઇ તેનો વિચાર કરવાની જરૂર છે. તેનાથી જો તમે ઉન્નતિના માર્ગ ઉપર ચઢ્યા હો, અને તમને સત્ય આદિ સદ્દગુણોની સંપ્રાપ્તિ થઇ હોય તો તે વસ્તુ દેખાવમાં ગમે તેટલી ખરાબ હોય તો પણ લાભદાયક ગણાય છે. એથી ઉલટું જો તેનાથી અવનતિ થાય છે અને દુર્ગુણો તરફ મનનું વલણ થાય છે તો તે વસ્તુ દેખાવમાં ગમે તેટલી સુંદર અને સુભગ હોય તો પણ હાનિકારક ગણાય છે.

જે ઉપાયોથી પ્રકૃતિ મનુષ્યને બોધ આપે છે તેમાં નિષ્ફલતાને પણ ગણવામાં આવે છે. તેનાથી અનુભવજ્ઞાન વધે છે અને સ્વપ્નમાં પણ કદિ ખ્યાલ ન હોય તેવા ઉન્નતિના માર્ગ તરફ મનુષ્યનું પ્રયાણ થાય છે. જગતના ઇતિહાસમાં જે જે ઉત્તમ પુરૂષો થઇ ગયા છે અને જેઓ પોતાનાં જીવનમાં વાસ્તવિક ઉન્નતિ સાધી શકયા છે તે સઘળા પોતાની નિષ્ફલતાઓને અત્યંત પ્રેમ અને આનંદની દૃષ્ટિથી જોતા હતા. સમયનો મહિમા અદ્દભુત છે. જ્યારે સમય ચાલ્યો જાય છે ત્યારે ગત સમયની વાતો બહુ યાદ આવે છે. અને ત્યારેજ એ સમયના વાસ્તવિક ગુણોની કિંમતની ખબર પડે છે. જગત્માં એવો એક નિયમ છે કે વર્તમાન સમયમાં વર્તમાન પદાર્થોની કશી પણ કદર થતી નથી. એટલુંજ નહિ પણ મનુષ્ય વર્તમાન પદાર્થોને હમેશાં પ્રતિકૂલ સમજે છે. પરંતુ અલ્પ સમય વીત્યા પછી તેને માલુમ પડે છે કે જે બાબતોને પહેલાં પ્રતિકૂળ માનવામાં આવતી હતી તે મહાન લાભ કર્તા થઇ પડે એમ છે.

ઘણા મનુષ્યો એવા જોવામાં આવે છે કે જેઓ ' અમુક કાર્યમાં સફલતા ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળી તો સારૂં થયું ' એમ વિચારી આનંદ માને છે. કેમકે તેઓ એમ માને છે કે "એ સમયે સફલતા મળી હોત તો અમને અધિક સાહસ અને શ્રમ કરવાનો અવસર ન મળત. અમે સ્વીકૃત કાર્યને તજી ન દીધું અને તેથી આજે અમે તે કરતાં પણ મોટા કાર્યોમાં સફલતા મેળવી શકયા છીએ." તે ઉપરાંત જ્યારે મનુષ્ય એમ વિચારે છે કે ગત સમયની નિષ્ફલતાથી મને અત્યંત લાભ થયો છે ત્યારે એમ માનવાનું કશું કારણ રહેતું નથી કે વર્તમાન સમયમાં પણ તે નિષ્ફલતાઓને વીરતા પૂર્વક સહન નહિ કરે અને એવો દૃઢ વિશ્વાસ નહિ રાખેકે વર્તમાન નિષ્ફલતાઓ અને આપત્તિઓ ભાવી સફલતાઓ અને આશાઓની સીડીયો છે, જે દ્વારા ભવિષ્યમાં સફલતા મળશેજ. કોઇ કોઇ વખત આપણી મોટી મોટી આશાઓનો પણ ભંગ એટલા વાસ્તે જ થાય છે કે આપણે તેનાથી પણ અધિક ઉત્તમ વાતો માટે તૈયાર બની શકીએ. પુષ્પકળી બગડી જઇને પુષ્પ બની જાય છે. બીજ સડી જઇને વધારે અન્નની ઉત્પત્તિનું કારણ બને છે. જ્યારે પ્રકૃતિમાં આવી આવી ઘટનાઓ દૃષ્ટિગોચર થાય છે ત્યારે પછી મનુષ્યો આપત્તિ સમયે અધીરા કેમ બની જાય છે તે સમજી શકાતું નથી. પ્રત્યેક મનુષ્યે દૃઢતાપૂર્વક માનવું જોઇએ કે આપત્તિસમય વીતી ગયા બાદ પોતાને સફલતા અવશ્ય મળશે અને તે અધિકતર મળશે. કોઇ પણ કાર્યમાં નિષ્ફલ થવાથી ભયભીત બની જવું જોઇએ નહિ. આપણું કાર્ય કરવામાં આપણે સત્ય માર્ગથી ચ્યુત ન થઇ જઇએ એટલીજ સંભાળ રાખવાની જરૂર છે. સત્ય માર્ગે ચાલીને કાર્ય કરવું એ મનુષ્યોનું કર્તવ્ય છે. પછી પરિણામે સફલતા મળે કે નિષ્ફલતા મળે તેની દરકાર રાખવાની જરૂર નથી. હમેશાં આ આપણું ધ્યેય હોવું જોઇએ.

જો આપણે આપણાં જીવનના કોઇ મહાન પ્રસંગ અથવા કોઇ મહાન સફલતા અથવા કોઇ ગાઢ સ્નેહીના વિષય પર વિચાર કરીએ કે એ પ્રસંગ, એ સફલતા અથવા એ ગાઢ સ્નેહીની પ્રાપ્તિ કેવી રીતે થઇ તો આપણને માલુમ પડશે કે તેનું રહસ્ય અત્યંત આશ્ચર્યજનક છે. જ્યારે ભૂતકાળની બાબતોનું રહસ્ય આપણા જાણવામાં આવે છે અને અમુક સફલતા કેવી રીતે મળી તેનો વિચાર કરીએ છીએ ત્યારે આપણને બુદ્ધિગત થાય છે કે તેના ખાતર આપણને અનેક મુશ્કેલીઓની સામા થવું પડયું હોય છે અને અનેક નિષ્ફલતાઓ સહન કરવી પડી હોય છે. જો આપણે તે સમયે તે મુશ્કેલીઓ અને નિષ્ફલતાઓ સહન ન કરી હોત તો આપણને કદાપિ પ્રસન્ન બનવાનો પ્રસંગ મળી શકત નહિ. ઉન્નતિનો માર્ગ કષ્ટસાધ્ય છે, તેથી તેની પ્રાપ્તિ અર્થે મહાન મુશ્કેલીઓ વેઠવી પડે છે. જેવી રીતે નદીઓ ઘણે ભાગે અંધારાવાળી પહાડી ગુફાઓમાંથી વહે છે, પરંતુ પછી ખુલ્લાં મેદાનોમાં વહીને લોકોને લાભદાયક બને છે તેવી રીતે આપણી ઉન્નતિ શરૂઆતમાં નિષ્ફલતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેખાડે છે, પરંતુ તે નિષ્ફલતાથી કદિ પણ ગભરાટ ઉત્પન્ન થવો જોઈએ નહિ–તેનું તો આપણે હૃદયપૂર્વક સ્વાગત કરવું જોઇએ. નિરંતર સ્મરણમાં રાખવું કે ઉદ્યોગ કોઈ દિવસ નિષ્ફલ જતો નથી. કોઇ કોઈ વખત ઉદ્યોગ નિષ્ફલ જાય છે એવું દેખાય છે, પરંતુ વસ્તુતઃ તેનાથી આપણુને કાંઇ ને કાંઇ નવીન શીખવાનું મળે છે. આપણી નિષ્ફલતાઓનું રહસ્ય આપણા વાસ્તે સફલતાઓનું કારણ બને છે. જે મનુષ્ય પોતાનાં જીવનનો કોઇ ઉદ્દેશ નિયત કરીને તદનુસાર પોતાનું જીવન નિર્વહન કરે છે તેજ ખરેખરી સફલતા મેળવે છે. લોકો તેને સફલતા કહે વા ન કહે તો પણ તેજ વાસ્તવિક સફલતા છે એ નિ:સંદેહ છે. અનેક મનુષ્યો સત્વર ફલ મળી જાય એવી આશા રાખે છે અને કંઇ પણ શ્રમ કર્યા વગર અને મુશીબતો સહન કર્યા વગર સફલતા મેળવવાની ઇચ્છા રાખે છે. તેઓ એમ વિચાર નથી કરતા કે કોઇ પણ કાર્યમાં સફલ થવા માટે સમયની જરૂર છે આજે બીજ વાવીને આવતી કાલે ફલ મેળવવાની આશા રાખવી તે મૂર્ખતા છે. સંપૂર્ણ શાંતિ અને ધીરજ સહિત વૃક્ષની રક્ષા કરવામાં આવે તો થોડા દિવસમાં સ્વાદિષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે. ઉતાવળથી કશું શુભ પરિણામ આવી શકતું નથી. આપણામાં કહેવત છે કે " ઉતાવળે આંબા પાકતા નથી " માટે કોઇ પણ કાર્યમાં ઉતાવળ નકામી છે.

આપણો ઉદ્દેશ યોગ્ય અને ઉચ્ચ હોય અને આપણે સારી રીતે ઉદ્યોગ કરતા હોઇએ તો બાહ્ય નિષ્ફલતાઓની આપણા ઉપર જરા પણ સત્તા ચાલતી નથી. તેનાથી આપણે નિરાશ અને હતોત્સાહ બનવું જોઇએ નહિ, બલ્કે વધારે દૃઢ બનવું જોઇએ. સરલતા કરતાં કઠિનતા વિશેષ ઉપયોગી નીવડે છે. જ્યારે સમુદ્રપર પવન બિલ્કુલ હોતો નથી ત્યારે વ્હાણ સારી રીતે ચાલી શકતું નથી, પરંતુ જ્યારે જોસબંધ પવન વાવા લાગે છે ત્યારે તે સારી રીતે ચાલી શકે છે. એ જ પ્રમાણે જો મનુષ્ય કઠિનતા ભર્યાં કાર્યો ન કરે તો તેનામાં મ્હોટાં કાર્યો કરવાની યોગ્યતા આવતી નથી. સોનાને અગ્નિમાં ગાળવામાં આવે તો જ તે કુન્દન બને છે. મોતી વિંધાય છે તો જ તે રાજામહારાજાઓનાં કંઠને સુશોભિત કરી શકે છે. પ્રકૃતિના નિયમાનુસાર હમેશાં ન્હાની ન્હાની નિષ્ફલતાઓ મોટાં મોટાં કાર્યોને માટે માર્ગ તૈયાર કરે છે. નિષ્ફલતાઓથી આપણે ગભરાઈ જઇએ છીએ તે આપણી મોટી ભૂલ છે. આપણે કદિપણ એમ કરવું જોઈએ નહિ. આપણા માટે એજ યોગ્ય છે કે હમેશાં સત્ય માર્ગપર દૃઢતાપૂર્વક ગમન કરવું, ઉદ્યોગપરાયણ રહેવું અને ઘટનાઓની લેશ પણ ચિંતા કરવી નહિ અને નિરંતર સ્મરણમાં રાખવું કે નિષ્ફલતામાં સફલતા રહેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન કોમમાં કેળવણી,

રા. રા. નરોત્તમદાસ બી. શાહ મુંબઇ.

છેલ્લાં બે વર્ષમાં મુંબઇ ઇલાકામાં સરકારી જીલ્લાની પ્રાથમિક, માધ્યમિક, તથા વિશિષ્ટ શાળાઓમાં અને કૉલેજોમાં ભણુતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવનારા આંકડા મુંબઈ ઇલાકાના કેળવણી ખાતાના ઉપરી અધિકારી તરફથી બહાર પડેલા રિપોર્ટમાં નીચે મુજબ આપવામાં આવ્યા છે.

| શાળાનું નામ. | ૧૯૧૮ ની સાલમાં વિદ્યાર્થીઓની સંખ્યા. | ૧૯૧૯ ની સાલમાં વિદ્યાર્થીઓની સંખ્યા. |
|---|---|---|
| પ્રાથમિક શાળા. | ૧૬૭૧૪ | ૧૮૨૯૧ |
| માધ્યમિક શાળા. | ૨૪૫૮ | ૩૦૪૦ |
| વિશિષ્ટ શાળા. | ૩૫૩ | ૨૧૦ |
| કૉલેજ. | ૨૭૯ | ૨૨૮ |

ઉપરના આંકડા પરથી સમજી શકાશે કે કેળવણીની પ્રગતિ માટે પ્રતિ વર્ષ જૈન કોમમાં નવી નવી સંસ્થાઓ ઉત્પન્ન થાય છે છતાં પણ કોલેજમાં અભ્યાસ ચાલુ રાખનાર જૈન વિદ્યાર્થીઓની સંખ્યા પહેલાં વર્ષ કરતાં બીજા વર્ષમાં ઘટી ગઇ છે. જોકે ૧૯૧૮ ની સાલ કરતાં ૧૯૧૯ ની સાલમાં પ્રાથમિક શાળામાં ભણુતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યામાં કંઇક વધારો થયેલો જણાય છે, તોપણ માધ્યમિક શાળામાં અભ્યાસ આગળ ચાલુ ન રાખનારની સંખ્યામાં ત્રણુ ટકાનો વધારો થયો છે તે અત્યંત ખેદ ઉપજાવે તેવો વિષય છે. આ પ્રમાણે કોમના હિતના પ્રશ્નોમાં જેઓ રસ લે છે તેઓની કેળવણીના ક્ષેત્રમાં પ્રગતિ કરવાની ઇચ્છા ફળીભૂત થઇ શકી નથી. યોગ્ય બંધારણવાળી એક સંસ્થાની ખામી અને એકજ હેતુ સાધવા માટે કાર્ય કરતી જુદી જુદી અસંખ્ય સંસ્થાઓમાં જૈનોની સખાવતની અસમાન વહેંચણી—એ કેળવણીમાં પછાત પડી જવાનાં મુખ્ય કારણો ગણી શકાય. એમ છતાં સાદડીમાં હમણાં જ ભરાયલી બારમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના અધિવેશનમાં એક પંચાયત ફંડ એકઠું કરવા સંબંધી જે ઠરાવ પસાર કરવામાં આવ્યો છે તે આનંદજનક છે. ઉક્ત યોજનાના કેટલાક ઘડનારાઓએ નજીકના ગામોમાં ફરીને ફંડ એકઠું કરવાનું સ્વીકાર્યું છે અને બીજાઓએ તેમને અનુસરવાનું અને શ્રીમંતોને સમજાવી તેમજ જેઓ એક રૂપિઓ અથવા તેથી વધારે આપી શકે તેમ હોય તેઓને સભ્ય તરીકે દાખલ કરી યોજનાને કોઇ પણ પ્રકારે મદદરૂપ બનવાનું વચન આપ્યું છે. જો ઉક્ત યોજના મુજબ સમજણુપૂર્વક કામ કરવામાં આવશે તો જે વિદ્યાર્થીઓ દુર્ભાગ્યવશાત્ પોતાનો અભ્યાસ આગળ ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાખી શકતા નથી તેઓને તેનાથી કિંમતી સહાય મળી શકશે. કેટલીક સંસ્થાઓની બાબતમાં એવું બન્યું છે કે સ્થાપના વખતે શરૂઆતમાં લોકો તરફથી ઘણો જ ઉત્સાહ દર્શાવવામાં આવે છે અને પાછળથી કોઈ પણ જાતનું સંતોષકારક પરિણામ લાવ્યા વગર કાર્યવાહકોની નબળાઇને લીધે અધવચથી તજી દેવામાં આવે છે. તેવું આ યોજનાના સંબંધમાં નહિ બને એમ આશા રાખવામાં આવે છે. આ ઉપરાંત વ્યાપારી તરીકે જેનો પૈસા રળવામાં રચ્યાપચ્યા રહે છે. તેઓએ સમજવું જોઇએ કે આ વિનશ્વર જીવનમાં દ્રવ્ય સંચય કરવામાં મંડ્યા રહી ક્ષણિક કીર્તિ મેળવવા કરતાં કંઈક વિશેષ સારી વસ્તુ મેળવવાની છે.

# શું જગત્ કર્તા ઈશ્વર છે ?

રા. રા. નંદલાલ લલ્લુભાઇ વકીલ.

વર્તમાન યુરોપમાં ચાલતી લડાઈએ જગતને ઘણુંજ શિક્ષણ આપેલું છે. સાંસારિક અને રાજ્યદ્વારિક દષ્ટિથી તપાસતાં તેમાંથી ઘણું ઘણું જાણવાનું, જોવાનું અને અનુભવવાનું મળ્યું છે. રાજ્ય અને રૈયત વચ્ચે કેવો સંબંધ હોવો જોઇએ તેનું અદ્ભુત શિક્ષણ ઉભયને પ્રાપ્ત થયું છે. રાજ્યકર્તા પુરૂષોના વિચાર, વાણી, અને કૃતિમાં પરિવર્તન થયું છે, તેવીજ રીતે પ્રજામાં પણ થયુ છે. પ્રજાને પોતાના સ્વરૂપ અને હક્કનું જ્ઞાન થયું છે. સ્વાર્થસાધકતા અને સ્વાર્થત્યાગ એ બેમાં શો તફાવત છે, અને તેમાંથી ઉદયને માટે શેનો આદર કરવો જોઇએ તેના વિચારો થાય છે. સ્વોન્નતિ, સ્વમાન, સ્વહક્ક, સ્વરાજ્ય, ઇત્યાદિ શબ્દોમાં શું ગૂઢ રહેલું છે તેનો બોધ થયો છે. તેજ પ્રમાણે તત્વજ્ઞાનની દષ્ટિથી જો આપણે તેમાંથી કાંઈ મેળવવાનો પ્રયત્ન કરીયે તો તેમાં પણ આપણે ઘણું મેળવી શકશું.

પ્રાચીન કાળમાં હિંદુસ્થાનમાં જે લડાઈઓ થતી હતી. તેમાં ઘણી ખરી લડાઈઓ જુદી જુદી જાત અને જુદા જુદા ધર્મ માનનારા વચ્ચેની હતી તેમજ એક જાત વચ્ચે જુદા જુદા હેતુથી થતી હતી. એમ ઈતિહાસ વાંચવાથી આપણે જાણીયે છીયે. દેવ અને દૈત્ય, મનુષ્ય અને રાક્ષસ, હિંદુ અને મુસલમાન, વચ્ચેની લડાઈઓ તેમાં મુખ્ય છે.

વર્તમાન લડાઈ એક જાતિની ખ્રીસ્તિ પ્રજા વચ્ચે છે. તેઓમાં જેઓ ઇશ્વરને માનનારા છે તે એક ઇશ્વર–ઇશુ–ને માનનારા છે, ભજનારા છે અને પુજનારા છે. તેઓ, ઇશ્વરે આપણને પેદા કર્યા અને ઇશ્વર આપણને સુખ દુઃખ આપનાર છે; ઇશ્વરની મરજીથી સર્વ થાય છે, અને ઇશ્વર આપણને પાપથી મુક્ત કરનાર છે એમ માનનાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ જગત્નો કર્તા ઇશ્વર છે કે નહિ એ બાબત જુદા જુદા ધર્મના પુસ્તકોમાં ઘણો વાદવિવાદ છે, તે સાથે હાલ આપણને કાંઇ કામ નથી અને તેમણે પોતપોતાના પક્ષને પ્રતિપાદન કરવા સારૂ જે જે કારણો આપેલા હશે તે જાણીને આપણે ઝઘડામાં પડવાનો આ વખત નથી, પણ વર્તમાન સ્થિતિ ઉપરથી વસ્તુતઃ આપણને જે જે વિચારો ઉત્પન્ન થાય છે તેનોજ અત્રે વિચાર કરવાનો છે

જો જગત્નો કર્તા ઇશ્વર હોય. અને જો ઇશ્વરે તેઓને બનાવ્યા હોય તો પછી જર્મન પ્રજાના મનમાં પોતાના બંધુ, એકજ પિતાના પુત્રો, એકજ ધર્મ પાળનાર અને સાંસારિક સગાં, તેઓના વિરૂદ્ધ લડાઇ ઉઠાવવાનો વિચાર કેમ ઉત્પન્ન થયો? વિચાર ઉત્પન્ન થયો એટલુંજ નહિ પણ તેમનો નાશ કરવા તેમના ધન, માલ, પ્રાણ અને દેશ જીતી લેવા અને તેવા પ્રકારનું જ્ઞાન પોતાના દેશમાં ફેલાવવાને ઇશ્વરે તેમનામાં બુદ્ધિ કેમ ઉત્પન્ન કરી? શું જર્મન અને તેના પક્ષમાં રહેનાર અને મિત્ર રાજ્ય અને તેમના પક્ષમાં રહેનારના ઇશ્વર જુદા જુદા છે? જો એક ઇશ્વર છે. અને તેણેજ બધાંને ઉત્પન્ન કરેલાં છે અને તેની ઇચ્છા વિના એક સળી પણ ચાલી શકતી નથી એમ માનવામાં આવે તો તેમણે આ ઘોર સંગ્રામ, લોર્ડ લેન્સડ઼ાઉનના કહેવા પ્રમાણે આ સુધરેલી દુનીયાનો નાશ થાયછે, તેવો નાશ કરવાને પરસ્પર દ્વેષ ઉત્પન્ન કરવાની બુદ્ધિ બન્ને પ્રજામાં કેમ ઉત્પન્ન કરી? શું આ લડાઇ ઇશ્વરની ઇચ્છાથી થઇ છે કે ઇચ્છા વિના? તેના જાણપણામાં થઇ છે કે અજાણપણામાં? આ લડાઇ ઉભી કરવાની પ્રેરણા કરવાને ઇશ્વરને શું કારણ મળ્યું? લડાઇમાં મનુષ્ય અન્ય પ્રાણીઓને કેવું કેવું દુઃખ પડતું હશે અને તેમનો નાશ કેવી રીતે થાય છે તેનો દયાજનક અને કમકમાટ ઉપજાવનાર ચિતાર તો જેઓ તે જગ્યાએ હાજર રહી નજરેનજર જોનાર હશે તેમના ( મનમાં ) ધ્યાનમાં આવી શકે. આપણે પેપરોથી લડાઇની હકીકત જાણનાર, હારજીતના ખબર મેળવનારના ધ્યાનમાં એ ચિતાર આવવો જ મુશ્કેલ છે.

લડાઇથી કેટલાક દેશ, પ્રગણાં અને આખા ગામના ગામ નાશ થઇ ગયા છે. રાજાઓ અને શ્રીમંતો ઘરબાર વિનાનાં અને રંક થઇ ગયાં છે. જેઓને રહેવાને માટે મોટા મોટા દેવતાઇ બંગલાઓ હતા અને મોજ મેળવવાને માટે બગીચાઓ હતા, તેઓને રહેવાને ઝુંપડી પણ રહી નથી. જેઓ હજારોની કીંમતના વસ્ત્રાભુષણ પહેરતા હતા તેઓનુ સર્વસ્વ નાશ પામી ગયું છે. જેઓના એક ટકના ભોજનની કીંમત પાઉન્ડોની સંખ્યાથી અંકાતી તેમને પેટપુરતી ભાખરી કે પાંઉની કટકી પણ મળવી મુશ્કેલ થઇ છે. રાજ્યકર્તાને ખાવાની વસ્તુઓ ઉપર કાયદા કરી અંકુશ મુકવાનો પ્રસંગ ઉત્પન્ન થયો અને કોઇ પણ માણસ પોતાની ભુખ પુરતું અનાજ કે ખોરાક ખાઇ શકે નહિ, પણ અમુક મર્યાદા પુરતુંજ ખાઇ શકે એવો અંકુશ મુકાઇ ગયા છે. આ સ્થિતિ શું ઓછું દુઃખ ઉત્પન્ન કરનારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે? આ સ્થિતિ શું ઇશ્વરે પેદા કરી? જો ઇશ્વરે ઉત્પન્ન કરી હોય તો પછી ઇશ્વરના મનમાં દયાળુપણાનો ગુણ કયાં રહ્યો? જે પિતા પોતાની સંતતિને આપસઆપસમાં લડાઇ ઉત્પન્ન કરાવી પોતે મોજમજા મેળવે, જે પ્રજા પોતાના તાબાની પ્રજાને આપસઆપસમાં લડાઇ ઉત્પન્ન કરી તેમનો અને તેમની મીલ્કતનો નાશ થવા દે અને રક્ષણ કરે નહીં, તેવો પિતા અને રાજા પોતાની પદવીની લાયકાત ધરાવતા નથી એમજ ન્યાય બુદ્ધિવાળા માણસો માનશે. તેજ પ્રમાણે જે ઇશ્વર પોતે ઉત્પન્ન કરેલી સંતતિમાં અરસપરસ લડવાની બુદ્ધિ અને શક્તિ ઉત્પન્ન કરે, તેમનો ભયંકર અને ઘાતકી રીતે નાશ થવા દે, જીવતાઓને પણ અનેક રીતે દુઃખ થાય એવાં સાધનો ઉભા કરવાની બુદ્ધિ આપે, તેનામાં ઇશ્વરત્વ કયાં રહ્યું? જો જગત્‌કર્તા ઇશ્વર માનીયે અને આ લડાઇ ઇશ્વરઇચ્છાથી જ ઉત્પન્ન થઇ છે, તેની મરજી વિના પ્રાણી કાંઇ પણ કરવા સમર્થ નથી એમ માનવામાં આવે તો શું આ સુધરેલી ગણાતી પ્રજા અને વિજ્ઞાનમાં આગળ વધેલા દેશો ઉપર ઇશ્વરને દ્વેષ ઉત્પન્ન થયો શું? કે તેમની ઉન્નતિ ઇશ્વરથી સહન થઇ શકી નહિ? કે તેમનામાં આપસઆપસમાં નાશ કરવાની બુદ્ધિ ઉત્પન્ન કરી છે? જો તેમ માનવામાં આવે તો, ઇશ્વર નિર્બળ અને દ્વેષિમાં ગણાય કેમકે નિર્બળ પ્રાણીયો જ બળવાનનો દ્વેષ કરે છે.

એક વખત એકની હાર થાય છે, બીજી વખત બીજાની હાર થાય છે, એમ આપણા જાણવામાં આવે છે. એવી રીતે હારજીતના તમાસા બાજીગર લોકની પેઠે કરાવવાથી ઇશ્વરને શું ફાયદો? શું ઇશ્વર આ તમાસો જોઇ ખુશી થાય છે? લડાઇ પૂર્વે એક વખત એવો હતો કે રૂશીયન સત્તા બળવાન ગણાતી હતી. હિંદુસ્થાનને કંઇ પણ ભય રાખવાનું કારણ હોય તો તે રૂશિયા તરફનુંજ ગણાતું, ને તેજ કારણથી સરહદ ઉપર બચાવનો બોનકામ કરી તથા બચાવને વાસ્તે લશ્કરમાં વધારો કરવામાં આવ્યો અને અફગાનીસ્તાનના અમીરને પોતાના પક્ષમાં કાયમ રાખવાને તેને હિંદુસ્થાનની સરકાર દર સાલ લાખો રૂપિયાનું સાલીયાણું આપતી. તેજ રૂશીયન સત્તા હાલ કેવી નિર્બળ બની ગઇ છે? રૂશીયન રાજા ગાદી વિના રખડતો થઇ ગયો છે! રૂશીયન રાજાના કેટલા શહેરોનો નાશ થઇ ગયો છે? અને એ રાજ્યમાં અંધાધુંધી ઉત્પન્ન થઇ છે, એ શું ઇશ્વરે બનાવ્યું? અથવા ઇશ્વરના હુકમથી બન્યું છે? એ પ્રમાણે કરવાને ઇશ્વરને શું કારણ મળ્યું? શું રૂશીયન પ્રજાનો ઇશ્વર જુદો છે? અથવા ઇશ્વરે રૂશીયન પ્રજાને નહોતી બનાવી? જો ઇશ્વરેજ બનાવી હતી તોપછી પોતાની બનાવેલી પ્રજાનો નાશ કરવાનું કારણ શું? ઇત્યાદિ ઇત્યાદિ સંખ્યાબંધ શંકાઓ ઉત્પન્ન થાય છે. જો જગતના કર્તા ઇશ્વર માનવામાં આવે તોપછી જુદા જુદા દેશની પ્રજાના જુદા જુદા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇશ્વર હોવા જોઈએ અને જો જુદા જુદા દેશની પ્રજાના જુદા જુદા ઇશ્વર હોય તો દરેક દેશના લોકમાં મનુષ્યત્વની જે ખાસીયતો એક પ્રકારની છે, તેવી હોય નહિ, પણ જુદા જુદા પ્રકારની હોય. આ બધી વાતોનો પરંપરાથી ચાલતી આવેલી અંધશ્રદ્ધાથી વિચાર કરવાનો નથી પણ સમ્યક્ જ્ઞાન અને ન્યાયબુદ્ધિથી વિચાર કરવાનો છે. અંધશ્રદ્ધાનો આ વિષય નથી.

આ જગતની અંદર દરેક વ્યક્તિ જુદી જુદી છે. તેઓના જીવ જુદા જુદા છે. જો બધાના જીવ જુદા જુદા ન હોય અને એકજ હોય તો એકના સુખદુઃખનો અનુભવ બીજાને થવો જોઇએ, તે થતો નથી. જે જીવો સંસારથી મુક્ત થયેલા છે, જેમણે પોતાના આત્મામાં લાગેલાં શુભાશુભ કર્મનો નાશ કરી પોતાના આત્માને શુદ્ધ, નિર્મળ બનાવ્યો છે અને જેને સંસારમાં જન્મમરણ કરવાનું નથી એવાં મુક્ત જીવો સિવાય તમામ સંસારી જીવો જુદા જુદા છે અને તેઓ દરેકનાં કર્મ પણ જુદાં જુદાં છે. દરેક જીવ પોતે કરેલાં શુભાશુભ કર્મોનાં ફળ આ ભવમાં ભોગવે છે અને ભોગવતાં બાકી રહેલાં કર્મ માટે ફરી જન્મ લે છે. જીવ સમય સમય જુના કર્મના ઉદયના ફળ વિપાક ભોગવે છે, અને તે ભોગવવામાં માધ્યસ્થ્ય વૃત્તિથી નહિ રહેતાં રાગદ્વેષની પ્રગતિથી નવીન કર્મનો બંધ કરે છે. એણે અનંત કાળ સંસારચક્રમાં અજ્ઞાનદશાના યોગે જન્મમરણ કર્યા છે અને કરે છે.

જ્યારે જીવને શુદ્ધ નિમિત્ત યોગે સમ્યક્ જ્ઞાન પુર્વક પોતાના આત્મસ્વરૂપનું સત્ય સ્વરૂપ સમજાય છે ત્યારે નવીન કર્મબંધ ઓછા થાય અથવા સમુળગા ન થાય એવા પ્રકારની કાળજી રાખી સદ્વર્તનની શૈલી પર ચઢવા પ્રયત્ન આરંભે છે અને પોતાની આત્મસત્તા પ્રગટ કરવાને પ્રયત્ન કરે છે અને આત્મામાં જે વિજાતીય તત્વ પુણ્યપાપરૂપ રહેલું છે તેનો નાશ કરવાને અપૂર્વ ઉદ્યમ કરી પરિણામે આત્માની શુદ્ધ સત્તા પ્રગટ કરે છે. આત્માના અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યગુણ પ્રગટ થવાથી જગતમાં રહેલા પદાર્થમાત્રને તે જાણે છે અને જુવે છે. જો જગતના જીવો જુદી જુદી વ્યક્તિ સ્વરૂપે ન હોય અને તમામ જીવો એકજ હોય તો એક જીવે એ પ્રમાણે કરેલા પુરૂષાર્થનો લાભ એકી વખતે તમામને મળે. પણ તે પ્રમાણે મળતો નથી, તેથી એમ પ્રતીતિ થાય છે કે દરેક વ્યક્તિના જીવ જુદા જુદા છે.

દરેક જીવ જુદા જુદા છે તેમ તેઓના કર્મો પણ જુદા જુદા છે. દરેક જીવને પોતાના કર્મવિપાક ફળ પણ જુદા જુદા ભોગવવા પડે છે અને તે ભોગવવા માટે જન્મમરણ ધારણ કરવા પડે છે. પુનર્જન્મ છે. જીવ કર્મથી મુક્ત થઇ પરમાત્મા થઇ શકે છે, અને તે મુક્ત થવાના ઉપાય છે એટલી વાતની આપણને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતીતિ, ખાત્રી કે શ્રદ્ધા થાય તોજ આ વિષયમાં આપણે કંઇ પણ યથાયોગ્ય વિચારણા કરી શકીએ.

દરેક જીવના સુખદુઃખનો કર્તા તે જીવ પોતે છે. સુખદુઃખ તો તેણે પૂર્વે સંચય કરેલા શુભાશુભ કર્મના ફળવિપાકરૂપ છે. વર્તમાનમાં આપણે દરેક વ્યક્તિ જે સુખ દુઃખનો અનુભવ કરીયે છીયે, તે આપણા પોતાના જ પૂર્વે કરેલા શુભાશુભ કર્મના જે દલીયાં આત્માના પ્રદેશમાં લાગેલાં છે તેનું પરિણામ છે. એકે કરેલા શુભાશુભ કર્મનું પરિણામ બીજાને ભોગવવું પડતું નથી.

આપણે પોતાનો ઉદ્ધાર કરવો, ઉન્નતિની ટોચે પહોંચવું, એનો આધાર આપણા પોતાના શુભ વિચાર અને શુભ પ્રયત્ન ઉપર રહેલો છે. બેશક, તેમાં નિમિત્ત કારણો બીજા ઘણાં રહેલાં છે. જે જે નિમિત્ત કારણો છે તે તે નિમિત્ત કારણોનો સદુપયોગ કરવો એ આપણા પોતાના અખત્યારમાં છે સારા નિમિત્તો–સંજોગો–છતાં પણ જો આપણે પોતાની ઉન્નતિ માટે પ્રયત્ન નહી કરીયે તો આપણો ઉદય કદાપિ થવાનો નથી. આપણા આત્મામાં અનંત જ્ઞાન અને અનંત શક્તિ રહેલા છે. તે જ્ઞાન અને શકિતને યોગ્ય ઉદ્યમથી ખીલવવા એ કેવળ આપણા પોતાના પુરૂષાર્થ પર જ આધાર રાખે છે. જો આપણે પ્રમાદ કરી આપણા જીવનનો સદુપયોગ નહિ કરીયે, અને વૃથા કાળ ગુમાવીશું તો પછી કદાપિ આપણો ઉદય થવાનો નથી. આવા પ્રકારની સમ્યક્ શ્રદ્ધા આપણામાં ઉત્પન્ન કરવી એ આપણી દરેકની પહેલામાં પહેલી ફરજ છે.

ઉન્નતિના ઘણા પ્રકારો છે. વ્યવહારિક, સાંસારિક, ધાર્મિક કે આત્મિક, જાતિ ઉન્નતિ કે દેશ ઉન્નતિ, ગમે તે પ્રકારની ઉન્નતિની ઇચ્છા આપણામાં હોય, પણ તે દરેકમાં ઉન્નતિનું મુખ્ય તત્વ તો ઉપર બતાવેલું તેજ છે. પોતાની સ્વોન્નતિ માટે પોતે એકલાએ વિચાર અને પુરૂષાર્થ કરવાનો છે. અને સમુદાયની ઉન્નતિ માટે સમુદાયે એકસંપી, એક દીલથી વિચાર અને પુરૂષાર્થ કરવાનો છે. આપણે જ આપણા પ્રારબ્ધના બનાવનાર છીયે. ઇશ્વરનો તેમાં કંઇ પણ સંબંધ નથી. એમ જ્યારે માનીયે ત્યારે શું જગતમાં ઇશ્વર નથી એ પ્રશ્ન સ્વાભાવિક ઉત્પન્ન થાય છે. બેશક, ઇશ્વર તો છે. અને તે જ્ઞાની છે તે જગતની વ્યવસ્થા પોતાનાં જ્ઞાનથી જાણે છે અને દેખે છે. તેને તો કોઇ જીવ પોતાનો કે પરાયો છે જ નહી. તે કોઈને સુખ આપતો નથી કે કોઇને દુઃખ આપતો નથી અને તે જગત બનાવવાની ઉપાધી કે ખટપટ કરતો નથી. જે સિદ્ધ પરમાત્મા છે, તેજ ઇશ્વર છે. જેઓ સિદ્ધ પરમાત્મા થયેલા છે તેમણે જે જે ઉપાયોનો ઉપયોગ કરેલો છે તેનો આપણે ઉપયોગ કરીયે; તેમના માર્ગે ગમન કરીયે તો આપણે પણ ઇશ્વરત્વની સ્થિતિપરંપરા પ્રાપ્ત કરી શકીયે. આ જગત અનાદિ છે. વસ્તુમાત્રમાં ઉત્પન્ન થવાનો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાશ થવાનો, તથા પ્રવાહ સ્વરૂપે કાયમ રહેવાનો સ્વભાવ છે. સંયોગ અને વિયોગ એ તેના ધર્મ છે. કાળ, સ્વભાવ, નિયતિ (ભવિતવ્યતા) જીવોના કર્મ અને ઉદ્યોગ એ પાંચ નિમિત્તથી સર્વ પદાર્થો પોતપોતાના કાર્ય કરે છે. પદાર્થના સંયોગમાં આ પાંચજ નિમિત્ત છે. પદાર્થ માત્રમાં અનંત શક્તિ રહેલી છે.

અનાદિ કાળથી જીવ અને અજીવ એ બે મુખ્ય તત્વો જગતમાં છે. આપણે બધા સંસારિ જીવો છીયે. આપણે પ્રત્યેક જુદા જુદા છીયે, એ વાત તો પ્રત્યક્ષ પ્રમાણભૂત છે. એના માટે વિશેષ વિચારણાની જરૂર નથી. જો આપણે બધા એક હોઇયે તો પછી આપણી દરેકની પ્રકૃતિ, સ્વભાવ,–રહેણી કરણી, વિગેરે સંખ્યાબંધ બાબતોમાં ભિન્નતા જોઇયે છીયે, તે હોવી નહી જોઈએ. બેશક, આપણા દરેકમાં ચૈતન્ય લક્ષણ છે. તે તથા જીવનું સ્વરૂપ એક પ્રકારનું છે. આપણા દરેકના શુભાશુભ કર્મ જે પુણ્ય અને પાપ તત્વના નામથી ઓળખાય છે તે જુદા જુદા છે, તેથી આપણે સુખદુ:ખનો અનુભવ જુદો જુદો કરીયે છીએ. વિચાર આ ઠેકાણે જ કરવાનો છે, કે આપણે જે શુભાશુભ કર્મ કરીયે છીએ તે આપણે પોતાના સ્વતંત્ર વિચારથી કરીયે છીયે કે તે ઇશ્વર કરાવે છે? આપણે જે કાંઈ કૃત્ય કરીયે છીએ તે આપણે પોતાના સારાસાર વિચારથી કરતા નથી અને ઈશ્વર આપણને પ્રેરણા કરે છે તે પ્રમાણે કરીયે છીએ, તો પછી આપણે દરેકે વ્યવહારિક કે ધાર્મિક કેળવણી લઇ આપણા વિચારો અને આચાર સુધારવા જે પ્રયત્ન કરીયે છીએ તે કરવાની જરૂર રહેશે નહિ. કેમકે આપણે જે કાંઈ કરીએ છીયે તે આપણી પોતાની ઇચ્છા કે મરજીથી કરી શકતા નથી, પણ આપણી પાસે ઇશ્વર કરાવે છે. જેમ લશ્કરમાં રહેનાર સીપાઈઓ લડાઇના પ્રસંગે પોતાના મરજીથી કંઇ પણ કરી શકે નહિ પણ પોતાના ઉપરી–કમાન્ડરના હુકમ પ્રમાણેજ લડાઈનું કામ કરી શકે ને તેથી આખી પલટણનો નાશ થવો કે બચાવ થવો, કે યશ અપયશ મળવો તે ઘણે ભાગે તે પલટણ કે ટુકડીના ઉપરી ઉપર આધાર રાખે છે. તે દરેક ટુકડી કે પલટણના ઉપરી જુદા જુદા હોય છે. તેમ જો આપણે સર્વે ઇશ્વરના હુકમ પ્રમાણે કરીએ છીયે એમ માનીયે તો દરેક જાત, સમુદાય, પ્રગણા કે દેશના ઈશ્વર પણ જુદા જુદા છે એમ સાબીત થાય અને તેમ ઠરે તો આખા જગતનો ઇશ્વર કર્તા છે એ વાત સત્ય ઠરતી નથી. આ વિષય ઘણોજ વાદરૂપ છે, તેમાં સત્ય શું છે તેના વિચાર આપણે કેવી રીતે કરવા તેટલા માટેજ આ પ્રયત્ન કરેલો છે. કોઇની પણ લાગણી દુ:ખાવવાનો ઉદ્દેશ નથી. ઈશ્વર પરમાત્મા છે પણ જગતનો કર્તા છે કે નહિં? તેની યોગ્ય વિચારણા કરવામાં આવશે તો આપણે આપણું પોતાનું સ્વરૂપ કેવા પ્રકારનું છે તેનું જ્ઞાન પ્રાપ્ત કરી શકશું. અને આપણે આપણી સ્વોન્નતી માટે પરાવલંબી નહિ થતાં સ્વાવલંબી થઇ શકશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમદાવાદના નગરશેઠનું ઉપયોગી ફરમાન.

પવિત્ર તીર્થશ્રી સિદ્ધાચળજીના રક્ષણુની બાબતમાં આ શહેરના એક મોહમેદન કાજી કુટુંબના વડીલોએ આપણા પવિત્ર તીર્થશ્રી સિદ્ધાચળજીનું મુગલ બાદશાહ ઔરંગઝેબના વખતમાં રક્ષણ કર્યું તેની ખુશાલીમાં શેઠ આણંદજી કલ્યાણજીની કમીટીના પ્રમુખ નગરશેઠના વડીલ શાંતિદાસ શેઠ તે મુસલમાન કુટુંબને જરૂર પડે ત્યારે જૈન કોમે મદદ આપવી તે માટે તેમને કરી આપેલ એક ફરમાન

| |
|---|
| ઉર્દુમાં શીક્કો |
| બાદશાહે અલી |
| ઔરંગઝેબ |

સંવત ૧૬૯૫ ના વરસે પોષ શુદ ૫ ને વાર રવિ દીને તારીખ ૧૭ માહે રમઝાન સને ૧૦૪૯ ના હીજરીના જ૦ કાજી ઈબાદુલ્લા વિ. કાજી અબ્બાશેરી અંત્રેની ગાદીવાળા જોગ લી૦ નગરશેઠ શાંતીદાસ શેશકરણ જ્ઞાતે શ્રાવક વાણીયા રહેવાસી શહેર અમદાવાદનાં જત તમો શહેર અમદાવાદની મહમદનાં દીનની સરયતની ગાદીના મુખતીઆર હોવાથી બાદશાહે અવરંગઝેબ તરફથી તમારી ઉપર અમારો સીદ્ધાચળ નામનો ડુંગરો ઉપરના દેરાં તથા દેવળો પાડીને નાશ કરવાનો હુકમ આવેલો તે બાબતમાં તમે ઘણીજ ઇકરારથી અમારા શ્રાવકનાં મદદ કરવાને ભાટ લોકોનાં આઠ દશ મરણ થયા. પણ હરેક રીતે બાદશાહને સમજાવીને તે દેવળો તથા દહેરાં આબાદ રાખેલા છે તેના ઇનામમાં અમો રાજી થઇને તમોને રૂપીઆ લાખો આપતાં પણ નામોસી છે તેથી તમોએ લીધેલા નથી એટલે આ બાદશાહી રૂકકો દિલ્લીએથી મંગાવીને લખી આપીએ છીએ કે ચારે ધર્મની અંદર જે શ્રાવક વાણીયાઓના વંશમાં વસે છે તે તમારા એટલે કાજી ઈબાદુલ્લાના વંશના કાજીની બનતી કોશીશ કરીને ઘણી સારી રીતે મદદ કરવી જરૂર છે એટલે તમારા વંશમાંના કાજીની ઓલાદમાં કોઇ પણ ગરીબ હાલતે આવી પડે જેવી રીતે બની શકે, અથવા જેવી રીતે તમો મદદ માંગો તેવી રીતે આપવાથી શ્રાવકનો દીકરો ફરે તો કુળ સુત્રના શાસ્ત્રથી ફરે. આ લખોટો અમારી રાજી ખુસીથી કરી આપ્યો છે, તે અમ શ્રાવક વાણીઆ જ્ઞાતીને કબુલ મંજુર છે સહી.

અત્ર કુળીઆ અહાજીની સહી દઃ પોતે. મતુ      તત્ર સાંથીદાસ શેશકરણની સહી<br>દઃ પોતે શાખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉર્દુ સીક્કો

**અલી અલકદર અબ્દુલરહીમ**

ઉર્દુ શીક્કો

ઉર્દુ શીક્કો

ઉર્દુ શીક્કો

**અલીઅલકદર હમીદ બાદશાહ અલીકદર ઔરંગજેબ હજરત સુલમાત ફરમા**

**હીજરી ૧૧૧૮**

**અસલ ઉપરથી નકલ**

**રજુ કરનાર ઇબદુલ્લા કાજીના વંશજો**

**કાઝી મહમદભાઇ નનુભાઇ**
**કાઝી કરીમભાઇ રહેમાનભાઇ**

---

# आत्मानंदमां विहरता उच्च कोटिना मनुष्यनुं जीवन केवुं होय छे ?

( ઉદ્ધવજી સંદેશો કહેજો શ્યામને—એ રાહ. )

આત્માનંદ તણી શી ઉર્મિ ઊછળે,
જ્યારે મીઠી નિદ્રા લેતું વિશ્વ જો;
સુખદુ:ખ જીવન મરણુતણી જે ભાવના;
જેથી જાગે અંતર જેનું સદૈવ જો—આત્મા૦ ૧
વીણાના ઝંકારસમા એ નાદ છે,
સંગીત જેમાં હૃદયસુરો લય થાય જો;
એ ૐકાર તણા ધ્વનિઓ પ્રકટી રહે,
ચિત્તવૃત્તિમાં અમીરસ શું ઉભરાય જો—આત્મા૦ ૨
ક્ષણુક્ષણુમાં જે સત્ત્વ જગતનું ચૂસતા,
રાગદ્વેષ રૂપી બે દૈત્ય કરાલ જો;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બલ તેનું નિઃસત્ત્વ[1] કરી સંગ્રામમાં,
અદ્દભુત યોગ વિષે વહુતો શુભ કાલ જો—આત્મા૦ ૩
જીવનની શુભ પુણ્યક્ષણો પ્રકટાવતી,
નિર્મલ શાંતિ સરોવર લહુરી જન્ય જો;
શુદ્ધ ચેતના સ્મરણુપથે જેને થઈ,
જન્માન્તરની વિસ્મય[2]મૂર્તિ ધન્ય જો—આત્મા૦ ૪
ક્ષણુજીવી[3] તુષાર[4] ઉષાને[5] ઢાંકતી,
તૃષ્ણા તેમજ આવરતી જીવ તેજ જો;
અનુભવજ્ઞાન પ્રભા ઉદયાચળ આવતાં,
અળપાતી એ દેહબુદ્ધિમાં હેજ[6] જો—આત્મા૦ ૫
ઝગમગતી સંધ્યા જેમ ક્ષણુક્ષણુમાં સરે[7],
અંધારી રજનીમાં તેમ વિલાય જો;
જીવનજ્યોતિ જન્મમૃત્યુ પર્યાયમાં,
જ્ઞાનદષ્ટિથી एक-अखंड કળાય જો—આત્મા૦ ૬
જેમ પલકમાં ચંદ્ર ઉદય પામ્યા પછી,
રાત્રિની નિદ્રા-અંધારૂં જાય જો;
પૂર્વપરિચિત સંસ્કારો અજ્ઞાનના,
દૂર દૂર સદ્દજ્ઞાનરશ્મિથી[8] થાય જો—આત્મા૦ ૭
વિશ્વોનુ ઐશ્વર્ય ! તું સર્વ છે, પૂર્ણ છે,
સકલ દીનતાનું છે મહા[9] અવસાન જો;
પરમાત્મા શ્રી વીરતણા પગલે હવે,
સંચરવું સામર્થ્યવડે શિવસ્થાન જો—આત્મા૦ ૮

**ફતેહચંદ ઝવેરભાઈ.**

# વર્તમાન સમાચાર.

## શ્રી આત્માનંદ જૈન વિદ્યાલય ખુલ્લું મુકાયું.

જૈનાચાર્યશ્રી **આત્મારામજી મહારાજના** પ્રશિષ્ય **મુનિમહારાજશ્રી વલ્લભવિજયજી મહારાજના** પ્રયાસથી ગોડવાડ-મારવાડ ઉદ્ધારક જે કાર્ય શરૂ થએલ છે અને જેમાં પ્રથમથી સાદડીના શ્રી સંઘે ઉત્સાહભર્યો ભાગ લીધેલ જે કોન્ફરન્સના પ્રસંગે અનુભવ થય

૧ શક્તિ વગરનું. ૨ વિસ્મય પમાડે તેવું શુદ્ધ ચેતનાદર્શન. ૩ થોડા કાળ રહેનારી. ૪ ઝાકળ. ૫ પ્રાતઃકાળનો સમય વિશેષ. ૬ તરત. ૭ મળે. ૮ સમ્યગજ્ઞાનના કિરણોથી. ૯ છેલ્લું વિનાશસ્થાન-આત્માનો સંપૂર્ણ ઉત્કર્ષ થતાં સર્વ દીનતાનો વિનાશ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચુકયો છે, પરંતુ પાછળથી સાદડીના શ્રી સંઘનો જોઇએ તેવો ઉત્સાહ નજરે ન આવવાથી મહારાજશ્રીએ પોતે કોન્ફરન્સના મંડપમાં બોલાએલ બોલને માન આપી પંજાબના વિહારની ઇચ્છા કરી, સાદડીથી સીધા મુડારા ગામ થઇ ખુડાલા ગામ પધાર્યા. દરમીઆન ગામવાળાને ખબર પડતાં મહારાજને પ્રાર્થના કરી વિહાર અટકાવી, કોઇ કારણ પ્રસંગથી સેસલી તીર્થ જે બાલીથી દોઢેક ગાઉ છે ત્યાં ગોડવાડ મહાજન એકઠું મળ્યું હતું તેને ખબર આપતાં ત્યાંના પંચે નિર્ણય કર્યો કે ગમે તે ભોગે પણ આ કાર્ય અવશ્ય કરવું, ને મહા સુદી તેરશનું મુહૂર્ત ફાલના સ્ટેશનની ધર્મશાળામાં સાચવવું. આ નિશ્ચય મહારાજશ્રી ને જણાવી ખુડાલા ગામથી ગોડવાડના ગામોમાં આમંત્રણ પત્રિકા મોકલી આપવામાં આવી છે. આ શુભ કાર્ય ભાંગી પડતુ પાછું પગભર ઉભું કરવાવાળા સજ્જનોને ધન્યવાદ ઘટે છે. ખાસ કરી પ્રારંભમાં જેમ સાદડીના શ્રી સંઘે ભાગ લીધો હતો તેમ આ વખતે બાલી અને ખુડાલાના શ્રી સંઘે ભાગ લીધો છે. માટે એમને પણ ધન્યવાદ આપવો યોગ્ય છે. આવનાર સદ્‌ગૃહસ્થોની આગતા–સ્વાગતાને માટે ખુડાલાના શ્રી સંઘે માથે લીધેલ છે.

હાલમાં અમારા જાણવામાં આવ્યું છે કે ઉક્ત જૈન વિદ્યાલય ખુલ્લું મુકવામાં આવ્યું છે. જેથી અમે અમારો આનંદ જાહેર કરીયે છીયે.

## ઇનામ આપવાનો મેળાવડો.

શ્રી રાજનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધાર્મિક પરિક્ષાની સંસ્થાએ ભાદરવા માસમાં લીધેલ પરીક્ષાનો ઇનામનો મેળાવડો આ સંસ્થા તરફથી તા: ૧–૧–૨૦ ના રોજ આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજી મહારાજની હાજરીમાં કરવામાં આવ્યો હતો. પ્રથમ ગત વર્ષનો રીપોર્ટ વાંચી સંભળાવ્યા બાદ, પાસ થયેલ વિદ્યાર્થીઓને તથા કન્યાઓને ઇનામો તથા સર્ટીફીકેટો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ ઉક્ત આચાર્ય મહારાજના ઉપદેશથી કેટલાક સદ્‌ગૃહસ્થોએ આવતી સાલની પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થી તથા કન્યાઓને ઇનામ આપવા માટે જુદી જુદી રકમ આપવા ઇચ્છા જણાવી હતી. ત્યારબાદ મેળાવડો વિસર્જન થયો હતો.

# ગ્રંથાવલોકન.

## "પારસમણી યાને હૃદયતેજ."

મુંબઇના જાણીતા દૈનીક પત્રો સાથે લગભગ વીસ વર્ષથી સંબંધ ધરાવનાર જાણીતા લેખક **ઝવેરી સાકરચંદ માણેકચંદ ઘડીયાળી** તરફથી તૈયાર થયેલું સુંદર બાઇન્ડીંગ અને છપાઇવાળું " પારસમણી યાને હૃદયતેજ " નામનું પુસ્તક અમને અવલોકનાર્થે મળ્યું છે જે અમે આભાર સાથે સ્વીકારીએ છીએ.

એ પુસ્તકનું અવલોકન અમે સાદ્યંત કર્યું છે અને તેથી અમને કહેવાને જરાપણ સંશય નથી થતો કે આવા પુસ્તકો ગુજરાતી ભાષાના ગૌરવ રૂપ છે અને એવા બીજા અનેક પુસ્તકો જો હીંદની દરેક ભાષામાં પ્રગટ થાય તો તે ઇચ્છવા યોગ્ય છે. પારસમણી યાને હૃદયતેજ એવા નામથી લેખક પોતાના પુસ્તકને ઓળખાવે છે તે યોગ્યજ છે અને જેઓને પોતાના ઉપર, બીજાઓ ઉપર, દુનીઆ ઉપર અને બ્રહ્માંડ ઉપર કાબુ મેળવવો હોય તેઓ જો આ પુસ્તક વાંચશે તો તેઓને ઘણો લાભ થયા વગરજ નહિ રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" The first study of mankind is man " એ વાકય જાણીતો કવિરત્ન પોપ ( Pope ) લખી ગયો છે. એ વાકયને કર્તાએ આખા પુસ્તકમાં લંબાણથી ઘટાવી મનુષ્ય પોતાનામનોરાજ્ય ઉપર જય કેવી રીતે પ્રાપ્ત કરી શકે તે સરળ ભાષમાં સારી રીતે દર્શાવ્યું છે અને તે વાંચી પોતાના ઉપર તેમજ દુનિયાના દરેક પદાર્થ ઉપર જય મેળવવા શું કરવું જોઇએ તે દરેક જણ શીખશે તો પોતાના મન ઉપર, દર્દો ઉપર, ઇચ્છાઓ ઉપર અને દરેક ચીજ ઉપર જીત મેળવવાનો માર્ગ તેને આ પુસ્તક વાંચવાથી મળ્યા વગર નહિ રહે.

કર્તાએ પોતાના દેશ બાંધવોને પોતાનું પુસ્તક અંતરના પ્રેમ સાથે અર્પણ કરતાં જે વિચારો જણાવ્યા છે તે મનન કરવા યોગ્ય છે. પુસ્તકનો ઉપોદ્દઘાત જાણીતા વિચારક અને લેખક " જૈન હિતેચ્છુ " અને " જૈન સમાચાર " ના અધિપતિ મી. વાડીલાલ મોતીલાલ શાહે લખેલ છે, જે પણ ખાસ ધ્યાન ખેંચનારી છે.

તેઓ જણાવે છે કે આ પુસ્તકમાં આશાવાદ ઉપયોગી હીપ્નોટીઝમ સ્થળે સ્થળે દ્રષ્ટીગોચર થાય છે અને તે કારણથી આવા પુસ્તકો સમાજને આશીર્વાદ રૂપ થઇ પડે એમાં શક નથી. આ પુસ્તકનું નામ પારસમણી છે કે જે Will (ઇચ્છા શકિત) માટે મૂકાયેલો શબ્દ છે. માણુસની બુદ્ધિને ઇચ્છા શકિતનો સ્પર્શ થતાંજ શકિત ઉત્પન્ન થાય છે–પ્રકટી નીકળે છે અને શકિત સઘળા વિનયનું, સઘળા આનંદનું, સઘળા જ્ઞાનનું, મૂળ છે. ઉભરાઇ જતી શકિતજ મનુષ્યને ખરા અર્થમાં ઉદાર ચરિત બનાવી શકે. ઉભરાઇ જતી શકિતજ દુઃખો અને સંકટોને પોતાના પ્રગતિનું સાધન બનાવી શકે. ઉભરાઇ જતી શકિતને લક્ષ્મી આદિ જે ચીજો માણુસની જાતને નિર્માલ્ય બનાવે છે તેજ ચીજોને એક રમકડા કે હથીયાર તરીકે વાપરી તેમાંથી પોતાનો આનંદ મેળવવા સાથે પોતાને વધુ શકિતમાન બનાવવાની કળા આપી શકે. બધો સવાલ શકિતનો છે અને શકિતનું ઘર " Will " ( ઇચ્છા બળ ) છે, Will ને જગાડી તો શકતિ અવશ્ય પેદા થવાની. પછી એ શકિતને વધુ ખીલવવા માટે શારીરિક શ્રમ, મનોનિગ્રહ ધ્યાન આદિ સાધનોનો ઉપયોગ કરી શકાય.

એ શકિત ખીલવવી તેને લેખક સ્વરાજ્ય કહેવા માગે છે જેનો માર્ગ પુસ્તકને પાને પાને દર્શાવવામાં આવ્યો છે જે વાંચવા અને તેનો અભ્યાસ કરવા અમે દરેકને ભલામણ કરીએ છીએ.

પારસમણી યાને હૃદયતેજ—કિંમત રૂપિયા બે–કર્તા અને પ્રકાશક ઝવેરી સાકરચંદ માણેકચંદ ધડીયાળી પારસી ગલી મીરઝાસ્ટ્રીટ—મુંબઇ નં. ૩

---

**મુનિરાજ શ્રી રત્નવિજયજીનો સ્વર્ગવાસ**—ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદ સુરીશ્વરના પ્રશિષ્ય મુનિરાજ શ્રી લબ્ધિવિજયજીના સુશિષ્ય મુનિરાજ શ્રી રત્નવિજયજી શ્રી સુરતથી શ્રી શત્રુંજય તીર્થની યાત્રા માટે નીકળેલા શ્રી સંઘ સાથે ભરૂચ આવતાં માત્ર ટુંક મુદતની તાવની બીમારીમાં પાંત્રીશ વર્ષની ઉમરે આ માસની શુદ ૮ શુક્રવારના રોજ સાંજના પાંચવાગે સ્વર્ગવાસ પામ્યા છે. ઉકત મહાત્મા સ્વભાવે શાંત સરલ અને ચારિત્ર પાત્ર મુનિ હતા. પાટણ તેઓશ્રીની જન્મ ભૂમિ હતું. સોળ વર્ષ દીક્ષાપર્યાય પાળી અંતઃ સમયે પવિત્ર સિદ્ધગીરીની ભાવના ભાવતાં કાળ ધર્મ પામ્યા છે. જેને માટે એક મુનિ રત્નની ખોટ પડી છે. અમો અમારી દિલગીરી જાહેર કરીએ છીએ. તેમના પવિત્ર આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા. શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૨ ચૈત્યવંદન મહાભાષ્ય.
૩ જૈન મેઘદૂત સટીક.
૪ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ.
૫ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ.
૬ અંતગડદશાંગ સૂત્ર સટીક ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી.
૭ શ્રી કલ્પસૂત્ર-કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમનાં ધર્મપત્નિ બાઇ ચુનીબાઇની દ્રવ્ય સહાયથી.
૮ શ્રી ઉપાસકદશાંગ સૂત્ર ખુહારીવાળા શેઠ પીતાંબરદાસ પનાજી.
૯ સિદ્ધપ્રાભૃત સટીક.
૧૦ ષટ્સ્થાનક સટીક.
૧૧ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૧૨ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૧૩ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક.
૧૪ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
૧૫ વિજયદેવસૂરિ માહાત્મ્ય.
૧૬ જૈન ગ્રંથ પ્રસ્તિત સંગ્રહ.
૧૭ લિંગાનુશાસ ૧ સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૮ ધાતુ પારાયણ.
૧૯ શ્રી નંદીસૂત્ર-શ્રી હરિભદ્રસૂરિ કૃત ટીકા સાથે ખુહારીવાળા શેઠ મોતીચંદ સરચંદ તરફથી.
૨૦ શ્રી અનુત્તરોવવાઇ-શા. કચરાભાઇ નેમચંદ ખંભાતવાળા તરફથી.
૨૧ ગુણમાળા ( ભાષાંતર ) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા—નવસારી.

---

શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કૃત

## શ્રી અધ્યાત્મ મતપરિક્ષા ગ્રંથ.

( મૂળ સાથે ભાષાંતર )

સતરમાં સૈકામાં કે જ્યારે જૈન દર્શનની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી અનેક વિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળ જીવોને સત્ય શું ? અને શુદ્ધ તત્ત્વો શેમાં છે ? તે શોધવાની મુશ્કેલી જણાતાં તેવા જીવોનો ઉપકાર કરવા નિમિત્તે જ આ આધ્યાત્મિક ગ્રંથની ઉક્ત મહાત્માએ રચના કરી છે. ગ્રંથની શરૂઆતમાં અધ્યાત્મ કોને કહેવું તેની વ્યાખ્યા સાથે નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ; એ ચારમાં મોક્ષના કારણ એવા ભાવઅધ્યાત્મ વિષે વિવેચન કરી તેની અંદર જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તે માટે મહાત્મા ગ્રંથકાર મહારાજે યુક્તિપૂર્વક બતાવ્યું છે, તે સાથે અધ્યાત્મની સિદ્ધિ ક્યારે થઇ શકે તેને અંગે શંકા સમાધાન પૂર્વક અન્ય ગ્રંથોના પ્રમાણ આપી પુરવાર કરી બતાવ્યું છે. ત્યારબાદ જેમના મતનો વિચાર કર્તવ્ય છે તેવા નામ-અધ્યાત્મી કે જે શુદ્ધ અધ્યાત્મથી તેમની હકીકત કેવળ જુદી અને વિરોધી છે અને શુદ્ધ ભાવઅધ્યાત્મ જ મોક્ષનું કારણ છે, તેનું સ્ફુટ વિવેચન ગ્રંથકર્તા શ્રીમાને અસરકારક રીતે બતાવ્યું છે. અધ્યાત્મના ખપી અને રસીકને આ અપૂર્વ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો છે. કિંમત રૂ. ૦-૮-૦ પોસ્ટેજ જુદું. અમારી પાસેથી મળશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વેપારી શ્રીમંતો

" રૂ, મોતી, ગીની, ચાંદી, હુંડી, અને શેરોના વેપારમાં, અનેકોના ભોગે સટ્ટા રૂપી કમાઇથી જેઓ શ્રીમંતાઇ અને ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે, તેઓ પણ ખરા વિજયી નથી ગણાતા. દ્રવ્ય કે સારી કમાઇથી મનુષ્ય શ્રીમંત ગણાય છે અને માન મેળવી શકે છે એ ખરૂં છે, પણ તેમાં જ નિષ્ફળતાના અંશો ઘણીવાર હોય છે. ધનના ધણી થવાથી વિજયી ગણાનારાઓમાંના ઘણાઓ તેજ કારણથી અનેક દુર્ગુણોના પણ ધણી થઇ બેસે છે, તેમનાં મન અનેક કુતર્કો અને દુષ્ટ વાંચ્છનાઓથી ભરપૂર બની ચુકયાં હોય છે, તેમની નીતિ નાશ પામી ચુકી હોય છે, તેમનાં મનનું સમતોલપણું તેઓ પોતે ચૂક્યા હોય છે, તેમનાં શરીરો નિર્બળ બની ચુકયાં હોય છે, તેમનામાંના અનેકને ઘેલછા પણ લાગુ પડી ચુકી હોય છે, અને ઘણીવાર અતિ દુષ્ટ અને જાલમ રોગોના તેઓ ભોગ થઇ પડ્યા હોય છે; તેમને પળની શાંતિ હોતી નથી, શાંતિ વગરનું મન સ્વાદ વગરનાં ભોજન સમાન છે; તેમના સાંસારિક સુખો આકાશપુષ્પવત હોય છે; તેઓ તત્વજ્ઞાન અને આત્મિક ફિલોસોફીમાં સમજતા નથી, તેમને સદ્જ્ઞાનની વાતોને વિચારવાનો અવકાશે રહેતો નથી."

" ઉત્તમ ચારિત્ર્ય વગર લક્ષ્મીપતિ થવામાં ખરેખરો વિજય નથી, અને તે કારણે ગામો, મુલકો, ખેતરો, પશુઓ, રેલ્વેઓ, ખાણો અને વ્યાપાર વ્યવહારના માલીક થવામાંજ ખરેખરો વિજય થયો છે એમ માની શકાય એમ નથી. ધનના લોભમાં કે માનના મદમાં તણાયા વગર પણ કેટલાકો વિજયી થયા છે, અને તેવાજ દાખલાઓ અભ્યાસીઓ માટે આદર્શ રૂપ છે. એક પણ પળ પૈસા મેળવવામાં નિષ્ફળ ગુમાવ્યા વગર અબજો પતિ થનારાઓ, રાજ્યદ્વારી તેમજ ધાર્મિક બાબતોમાં મોટી નામના કાઢનારાઓ અને દરેક ઠેકાણે પૂજાતા મનુષ્યોનું ખાનગી જીવન જો અવલોકવામાં આવે તો તેમને વિજયી ગણવાની જે ભૂલ થાય છે તે થાય નહિ. તેઓની તંદુરસ્તી તૂટી પડી હોય છે, અને પૈસો મેળવવા જતાં તેઓએ જીવનનો આનંદ ગુમાવ્યો હોય છે. મનની કે આત્માની કેળવણીના ભોગે, તેમજ પોતાના પત્ની, પુત્રો કે સગાં સંબંધીઓના સાચા પ્રેમના લ્હાવા વિનાનું તેઓનું જીવન દોડધામવાળુંજ હોય છે. તેઓ અનેક મેલાવડાઓ, નાટકો, સિનેમાઓ કે એવાં બાહ્ય આનંદી દેખાતાં કામોમાં આગેવાની લેતા જણાય છે, છતાં તેઓ પોતાના કુટુંબીઓ, સગાંઓ, મિત્રો કે બંધુઓનાં દુઃખો તરફ ઝાંખીને જોવાની ફુરસદ ધરાવતા નથી. તેઓ કેવળ જાહેર પ્રજાના માન અને બાહ્ય આડંબર ઉપરજ જીવે છે, એટલુંજ નહિ પણ તેઓ મદમાં માતેલા બન્યા છતાં પણ ખરા સુખી કે વિજયી હોતા નથી, એ તેમના પરિચયમાં આવતા ઘણાઓ જોઇ શકે છે. ઉપરની બીના ખરી છતાં, અને ધન મેળવનારામાંના ઘણાક દુનિઆને ભારરૂપ હોવા છતાં એ ઉપલાં કારણોથી ધન ધિક્કારવા યોગ્ય કે તે પ્રાપ્ત કરવામાં પાપ છે એમ નથી માની લેવાનું. કેવળ શ્રીમંતાઇ કે ગરીબાઇથી માણસના વિજયનું માપ થઇ શકે એમ નથી."

" વીસમીસદી "

For Private And Personal Use Only